| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦.૧૦.૨૦૨૫ |
| નોંધણી તારીખ | : | ૧૦.૧૦.૨૦૨૫ |
| ફેસલ તારીખ | : | ૦૧.૦૯.૨૦૨૬ |
| સમય અવધી | : | વર્ષઃ માસઃ દિવસઃ |
| | | ૦૦ ૧૦ ૨૨ |
| | | **આંકઃ-** |

**ફોર્મ-એ**

| | |
|---|---|
| **છોટાઉદેપુર જિલ્લાના મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ શ્રીની કોર્ટમાં મુકામઃ છોટાઉદેપુર.** | |
| **[ચુકાદાની તારીખઃ૦૧.૦૯.૨૦૨૬]** | |
| **[સેશન્સ કેસ નંબર-૪૧/૨૦૨૫]** | |
| **(એફ.આઇ.આર. ની વિગતો / ગુનો અને પોલીસ સ્ટેશન)** **રંગપુર પોલીસ સ્ટેશન, પાર્ટ - એ ગુના રજીસ્ટર નંબર-૧૧૧૮૪૦૦૮૨૫૦૩૪૬/૨૦૨૫** **ગુનોઃ- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબ.** **પોલીસ સ્ટેશનઃ-રંગપુર પોલીસ સ્ટેશન, તા/જી. છોટાઉદેપુર.** | |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>મારફતઃ જિલ્લા સરકારી વકીલ શ્રી, છોટાઉદેપુર<br>ફરિયાદીઃ વિનોદભાઇ પ્રતાપભાઇ રાઠવા,<br>રહેઃકનાસ, નિગવાડીયા ફળીયા, તા/જી. છોટાઉદેપુર. |
| **સરકાર તરફે વિ. સરકારી વકીલ** | **શ્રીમતી એસ.એ. દેસાઇ** |
| **આરોપી** | પ્રતાપભાઇ રૂપસીંગભાઇ રાઠવા,<br>રહેઃકનાસ, નિગવાડીયા ફળીયા, તા/જી. છોટાઉદેપુર. |
| **આરોપી તરફે વિ.વકીલ** | **શ્રી આઇ.એ.શેખ** |

**ફોર્મ-બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૪/૦૭/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૪/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૨૩.૦૯.૨૦૨૫ |
| તહોમતનામાં ફરમાવ્યા તારીખ | ૦૬.૧૨.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૭.૦૧.૨૦૨૬ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | ૧૪.૦૮.૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૧.૦૯.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

## આરોપીની વિગત :-

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રતાપભાઇ રૂપસીંગભાઇ રાઠવા | ૦૫.૭.૨૦૨૫ | જેલમાં છે. | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૧-વર્ષ,૦૧-માસ અને ૨૭-દિવસ |

**ફોર્મ-સી**

## ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાઓઃ

| સાહેદ નંબર | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ડો. શૈલેષભાઇ અમરસીગભાઇ રાઠવા | પી.એમ.કરનાર ડોકટર | ૦૯ |
| ૨. | વિનોદભાઇ પ્રતાપભાઇ રાઠવા | ફરીયાદી/મરનારનો દિકરો | ૧૩ |
| ૩. | પારસીંગભાઇ ચંદુભાઇ રાઠવા | ગુનાવાળી જગ્યાના પંચનામા ઇ-સાક્ષ્ય પંચ | ૧૬ |
| ૪. | રાકેશભાઇ ઢીલાભાઇ રાઠવા | ઇન્કવેષ્ટ તથા લાશ પરનારનાં કપડાં કબજે લીધાના પંચનામાના પંચ | ૧૮ |
| ૫. | ભાદુભાઇ રાયસીંગભાઇ રાઠવા | આરોપીની અટક કપડાં કબજે કર્યાના તથા રીકનટ્રકશન પંચનામના ઇ-સાક્ષ્ય પંચ | ૨૧ |
| ૬. | રામકાભાઇ સેંગલાભાઇ રાઠવા | આરોપીની અટક કપડાં કબજે કર્યાના તથા રીકનટ્રકશન પંચનામના ઇ-સાક્ષ્ય પંચ | ૨૪ |
| ૭. | દિનેશભાઇ પ્રતાપભાઇ રાઠવા | મરનારનો દિકરો | ૨૫ |
| ૮. | રમીલાબેન પ્રતાપભાઇ રાઠવા | મરનારની દિકરી | ૨૬ |
| ૯. | કોમલબેન ધનજીભાઇ કેવડીયા | ત.ક.અમલદાર | ૨૭ |

## ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓઃ

| અનુક્રમ નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મરનારની બોડીનુ પી.એમ. કરવા માટે લખેલી પોલીસ યાદી | ૧૦ |
| ૨. | લાશનુ પી.એમ. કરવા માટે સાથે મોકલવાનો થતો પોલીસ રીપોર્ટ | ૧૧ |
| ૩. | પી.એમ.નોટ | ૧૨ |
| ૪. | ફરીયાદ | ૧૪ |
| ૫. | લાશ સોંપ્યાની પાવતી | ૧૫ |
| ૬. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ઇ-સાક્ષ્ય સર્ટી | ૧૭ |

| | | |
|---|---|---|
| ૭. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૧૯ |
| ૮. | લાશ પરનાં કપડાં કબજે લીધાનુ પંચનામુ | ૨૦ |
| ૯. | આરોપીનુ અટક પંચનામુ | ૨૨ |
| ૧૦. | રીકન્ટ્રકશન પંચનામુ | ૨૩ |
| ૧૧. | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૨૮ |
| ૧૨. | લાશનું ઇન્કવેષ્ટ ભરવા કરેલ યાદી | ૨૯ |
| ૧૩. | લાશ સંભાળ્યાની પાવતી | ૩૦ |
| ૧૪. | એફ.એસ.એલ.નો પ્રાર્થમિક સ્થળ પરિક્ષણ અહેવાલ | ૩૧ |
| ૧૫. | આરોપીઓની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૩૨ |
| ૧૬. | એકઠા કરેલ મુદ્દામાલ રવાનગી પત્રક સાથે પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. વડોદરા મોકલી આપેલ તેની રવાનગી યાદી | ૩૩ |
| ૧૭. | એફ.એસ.એલ. વડોદરા ખાતે મુદ્દામાલ મળી ગયાની આવેલ પહોંચ | ૩૪ |
| ૧૮. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફિસરને કરેલ યાદી | ૩૫ |
| ૧૯. | ગુનાવાળી જગ્યાનો નકશો | ૩૬ |
| ૧૩. | એફ.એસ.એલ. કચેરી વડોદરાએ મુદ્દામાલ કપડા તથા હથિયારનો આપેલ બાયોલોજીકલ તથા સીરોલજીકલ પરીક્ષણ અહેવાલ | ૩૭ |

**-:: ઠ રા વ ::-**

**(૧)** આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**(૨)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી વિનોદભાઇ પ્રતાપભાઇ રાઠવા જેઓ મરનાર ધુળકીબેનનો તથા આરોપી પ્રતાપભાઇનો દીકરો થાય છે. જેઓ કનાસ ગામે નીંગવાડીયા ફળિયામાં રહે છે. ફરિયાદીએ ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલ છે. તેમણે એવી ફરિયાદ હકીકત જાહેર કરેલ હતી કે, તેઓ કુલ ચાર ભાઈ-બહેન પૈકી સૌથી મોટા છે, તેમના નાની બહેન સુમિત્રાબેન, જે બનાવના અરસામાં ઉમરગામ ખાતે મજૂરીકામ કરતા હતા. નાનો ભાઈ દિનેશભાઈ છે અને સૌથી નાની રમીલાબેન છે, ચારેય ભાઈ-બહેન કુંવારા છે. બધા સંયુક્ત કુટુંબમાં કનાસ ગામે સાથે રહીને ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે. ફરિયાદમાં એવું જાહેર કરેલ હતું કે, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેમનો ભાઈ દિનેશભાઈ તથા બહેન રમીલાબેન તથા તેમના માતા-પિતા એટલે કે, મરનાર તથા આરોપી બધા તેમના ઘરે હાજર હતા. તે વખતે તેમની માતા

મરનાર ધુળકીબેન તેમના પિતા/આરોપી પ્રતાપભાઇને તું ખેતરમાં કેમ કામ કરવા જતો નથી’’ તેમ કહેતા આરોપી/પિતાએ તેમની મરનાર/માતાને કહેલ કે "હું ખેતરમાં કામ કરવા નહીં જાઉં" તેમ કહી બોલાચાલી કરી ઝગડતા હોય જેથી તેઓને ઝગડો નહીં કરવા સમજાવી તેમનો નાનો ભાઇ દિનેશભાઇ ખેતરમાં ખેડવા માટે ગયેલો. તેમની નાની બહેન રમીલા તેમના કાકા ધોળિયાભાઇ રૂપસિંગભાઇ રાઠવાના ખેતરમાં ડાંગર રોપવા માટે ગયેલી અને ફરિયાદી તથા મરનાર અને આરોપી/માતા-પિતા ઘરે હતા. બાદમાં આશરે નવેક વાગ્યાના સમયે ફરિયાદી તેમની મોટરસાયકલ લઈને જીવડા મારવાની દવા લેવા માટે રંગપુર ગામે જવા નીકળેલા અને તેમની માતા મરનાર ધુળકીબેન તથા તેમના પિતા/આરોપી પ્રતાપભાઈ એમ બંને જણા ઘરે હાજર હતા. ફરિયાદીએ એવું જાહેર કરેલ હતું કે, તેઓ દવા લઈને આશરે દશેક વાગ્યાના સમયે પરત ઘરે આવી તેમની મોટરસાયકલ ઘરના આંગણામાં ઊભી રાખતા હતા, તે વખતે તેમના પિતા/આરોપી ઘરમાંથી બહાર નીકળી ઘરનો દરવાજો બંધ કરી ભાગવા લાગેલ. જેથી ફરિયાદીએ ઘરનો દરવાજો ખોલી અંદર અડાળીના ભાગે ઢોર બાંધવાની જગ્યામાં જમીન ઉપર તેમની મરનાર માતા ધુળકીબેન લોહીલુહાણ હાલતમાં પડેલી જોયેલ હતી, તેને બોલાવી જોતા તે બોલેલ નહીં અને મરણ ગયેલી. તેમની મરનાર માતાને જોતા માથાના પાછળના ભાગે તથા ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ જોવા મળેલ હતી. મરનારની લાશની બાજુમાં એક લોખંડની કુહાડી લોહીવાળી પડેલ જોયેલ હતી. જેથી આ બનાવની જાણ ફળિયામાં નજીકમાં રહેતા પારસિંગભાઈ રાયસિંગભાઈ રાઠવા તથા સેંગલાભાઈ ભાયલાભાઈ રાઠવા નાઓને કરતા તેઓ તરત તેમના ઘરે આવેલા અને ફરિયાદી તેમની મોટરસાયકલ લઈને તેમના નાના ભાઈ દિનેશભાઈને લેવા માટે ખેતરે ગયેલ અને લઈને પરત ઘરે આવેલા. તેમના પિતા/આરોપીએ તેમની માતા ધુળકીબેનને માથાના ભાગે તથા ચહેરાના ભાગે કુહાડી વડે ઉપરાછાપરી મરણતોલ ઘા મારી જીવલેણ ઈજા પહોંચાડી મોત નીપજાવેલ. ફરીયાદમાં એવું જાહેર કરેલ છે કે, ખરેખર તેમની મરનાર માતા ધુળકીબેને તેમના પિતા/આરોપીને ખેતરે કામ કરવા જવાનું કહેતાં આરોપીએ ના પાડેલી અને મરનાર સાથે ઝગડો કરીને બોલાચાલી ઝગડો કરી મરનારના માથાના પાછળના ભાગે તથા ચહેરાના ભાગે કુહાડી વડે ઉપરાછાપરી ઘા મારીને મરણતોલ જીવલેણ ઈજાઓ પહોંચાડી, મોત નીપજાવી નાસી ગયેલ હોય, જેથી પોતાના પિતા/આરોપી પ્રતાપભાઈની વિરુદ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા સારુની ફરિયાદ પોલીસ ઇન્સ્પેક્ટર કે.ડી. કેવડિયા, રંગપુર પોલીસ સ્ટેશન નાઓ રૂબરૂ નોંધાવેલી. ફરીયાદમાં એવું જાહેર કરેલ હતું કે, બનાવ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ સવારના કલાક-૦૯ થી ૧૦-૦૦ વાગ્યા દરમિયાન

કોઈપણ સમયે બનેલો.

**(૩)** ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદની હકીકતોના આધારે રંગપુર પોલીસ સ્ટેશન, પાર્ટ-એ ગુના રજિસ્ટર નંબર-૧૧૧૮૪૦૦૮૨૫૦૩૪૬/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો આરોપીના નામજોગ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવેલી. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રીને યાદી કરી લાશનું ઇન્ક્વેસ્ટ પંચનામું કરાવેલું, લાશનું પી.એમ. કરાવેલું, ગુનાનો સ્પેશિયલ રિપોર્ટ કરેલો, બનાવ સ્થળેથી એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવેલો, તપાસના ભાગમાં વિવિધ પંચનામાઓ કરેલા, ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવડાવેલો, પંચનામાની રૂએ એકઠા કરેલા મુદ્દામાલ/સેમ્પલ્સનું રવાનગી પત્રક તૈયાર કરી એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ, સાહેદોના નિવેદનો નોંધેલા. તપાસના અંતે તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ સવારમાં ફરિયાદી તથા તેમના અન્ય ભાઇ-બહેન તેમજ મરનાર અને આરોપી ઘરે હાજર હતા તે વખતે મરનારે આરોપીને ખેતરમાં કામ કરવા મોકલતાં આરોપીએ ખેતરે કામ કરવા જવાની ના પાડતાં તે બાબતે બોલાચાલી ઝગડો થતાં ફરિયાદી તથા તેમનો ભાઇ અને બહેન ખેતરોમાં જતા રહેલા અને મરનાર તથા આરોપી પતિ-પત્ની બે જ ઘરે હતા. દરમિયાન કલાક-૦૯ થી ૧૦-૦૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે આરોપીએ પોતાના જ પત્નીને પોતાના જ ઘરમાં કુહાડી વડે માથાના પાછળના ભાગે તથા ચહેરાના ભાગે ઉપરાછાપરી ઘા મારીને મરણતોલ જીવલેણ ઈજાઓ પહોંચાડી, મોત નીપજાવી નાસી ગયેલ હતા. તેવું ખુલતાં આરોપી સામે ઉપરોક્ત ગુનાનું ચાર્જશીટ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની કોર્ટમાં રજૂ થતાં તેને ફોજદારી કેસ નંબર-૫૫૬૯/૨૦૨૫ આપી રજિસ્ટર કરવામાં આવેલો.

**(૪)** આરોપી સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી માત્ર સેશન્સ અદાલત ચલાવી શકે તેમ હોય, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર નાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ મુજબ સદરહુ ફોજદારી કેસ કમિટ કરતાં સેશન્સ કોર્ટ, છોટાઉદેપુર ખાતે કમિટ થઇ આવતાં, તેને સેશન્સ કેસ નંબર-૪૧/૨૦૨૫ થી નોંધી કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે.

**(૫)** આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપી સામે આંક-૦૭ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબના ગુના અંગે તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવતાં આરોપીએ તેમની સામેના તહોમતનો ઇન્કાર કરતાં તે લગત આરોપીનો આંક-૦૮ થી જવાબ નોંધવામાં આવેલો. બાદમાં કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવી

ફરિયાદપક્ષને આરોપી સામેનો કેસ સાબિત કરવાની તક આપવામાં આવેલી. ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

**(૬)** ફરિયાદપક્ષ તરફથી ફોર્મ નંબર-સી માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે, તે સિવાય ફરિયાદપક્ષ તરફથી બીજો કોઇ પુરાવો રજૂ કરવા માંગતા નથી તેવું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો.

**(૭)** ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ હેઠળ આરોપી વિરુદ્ધ આવેલા પુરાવા સબબ તેઓનો વધારાનો જવાબ લેવામાં આવેલો, જેમાં આરોપીએ ખોટી ફરિયાદ કરી, ખોટા પંચનામા કરી, ખોટા પુરાવા ઊભા કરેલ હોવાનું જણાવી તેમના બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવાનો, બચાવના સાહેદો તપાસવાનો તથા આ કામે પડેલા પુરાવાનો ઇનકાર કરી વિશેષમાં તેમના ઉપર ખોટો કેસ કરેલ છે, તેવું જણાવ્યું છે.

**(૮)** આ કામે સરકાર તરફથી વિદ્વાન ડી.જી.પી. શ્રીમતી એસ.એ. દેસાઈની તથા આરોપી તરફથી વિદ્વાન વકીલ શ્રી આઇ.એ. શેખની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે, જેની ચર્ચા પુનરાવર્તન ટાળવા હેતુસર અહીં કરવામાં આવેલી નથી. તેની ચર્ચા પુરાવાના મૂલ્યાંકન વખતે યથાસ્થાને કરવામાં આવેલી છે.

**(૯)** પ્રસ્તુત કામે આરોપી વિરુદ્ધ મૂકવામાં આવેલ તહોમતના ન્યાય નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરિયાદપક્ષ એવું નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર ધુળકીબેનનું મૃત્યુ અકુદરતી અને સાપરાધ મનુષ્યવધ (હત્યા) થયેલ છે કે કેમ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ પુરવાર કરવામાં સફળ થાય છે કે, મરનાર ધુળકીબેન અને આરોપી વચ્ચે પતિ-પત્નીનો સંબંધ થતો હોય, બનાવ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ સવારના મરનારે આરોપીને ખેતરમાં કામ કરવા જવાનું કહેતાં આરોપીએ તેમના સંતાનો વિનોદભાઈ/ફરિયાદી, બીજા દીકરા દિનેશભાઈ તેમજ દીકરી રમીલાની હાજરીમાં મરનાર સાથે ઝગડો કરેલો બાદમાં ત્રણેય ઘરેથી પોતાના કામે જતા રહેલા, દરમિયાન મરનાર ધુળકીબેન તથા આરોપી પ્રતાપભાઈ બે જ પતિ-પત્ની ઘરે રહેલા, દરમિયાન કલાક-૦૯ થી ૧૦-૦૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે આરોપીએ પોતાના જ પત્નીને પોતાના જ ઘરમાં કુહાડી વડે માથાના પાછળના ભાગે તથા ચહેરાના ભાગે ઉપરાછાપરી ઘા મારીને મરણતોલ જીવલેણ ઈજાઓ પહોંચાડી, મોત નીપજાવી ઘર છોડી નાસી જઈને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો ગુનો આચર્યો છે?

(૩) શું હુકમ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છેઃ

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) આખરી હુકમ મુજબ,

**:::કારણો:::**

**મુદ્દા નંબર-૧ઃ**

**(૧૧)** મુદ્દા નંબર-૧ના સંદર્ભમાં મરણજનાર ધુળકીબેનનું મૃત્યુ અકુદરતી અને સાપરાધ મનુષ્યવધ હત્યા થયેલ છે કે કેમ? તે બાબતે મહત્વનો કહી શકાય તેવો મેડિકલ પુરાવો કે જેમાં મરણજનાર ધુળકીબેનની લાશનું પી.એમ. કરનાર મેડિકલ ઓફિસર સાહેદ નંબર-૧ ડો. શૈલેષભાઇ અમરસિંગભાઈ રાઠવા જેઓ બનાવ સમયે છોટાઉદેપુર જનરલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ રંગપુર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઇ. શ્રી કે.ડી. કેવડિયા નાઓએ મરણજનાર ધુળકીબેન પ્રતાપભાઇ રાઠવાના શબનું પી.એમ. કરી તેના મરણ જવા અંગે કોઝ ઓફ સર્ટિફિકેટ આપવા આંક-૧૦ વાળી યાદી કરેલી. જે યાદી તેઓએ રિસીવ કરેલી. યાદી સાથે મરણજનારનું ઇન્ક્વેસ્ટ પંચનામું તથા પી.એમ. માટે મોકલવામાં આવતો રિપોર્ટ આંક-૧૧ સામેલ હતો, જે સ્વીકારેલો. મરનારની લાશ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ સાંજના ૫.૪૫ વાગે હેડ કોન્સ્ટેબલ રાજુભાઇ પારસિંગભાઈ નાઓ લાવેલા હતા. લાશનું પી.એમ. તેઓ તથા સાથેના પેનલ ડો. રુચિતા એન. રાઠવાની સાથે ભેગા મળીને ૬.૦૦ વાગે શરૂ કરી ૭.૨૦ વાગે પૂર્ણ કરેલું. એવું જણાવે છે કે, મરણજનારની લાશ ઓળખાયેલ હતી. મૃતક ૪૫ વર્ષની એક હિંદુ મહિલા હતી, તેણીએ લીલા કલરનો ચણિયો, પીળા કલરની ઓઢણી જેની અંદર પર્પલ કલરની ડિઝાઇન હતી. શરીર ઉપર ચાંદીના કલરની ધાતુની ચેઇન પહેરેલી હતી. સોનેરી કલરની કાનની બુટ્ટી, બંને હાથમાં લાલ કલરની એક-એક બંગડી પહેરેલ હતી. મૃતકની ઓઢણી ઉપર લોહીના ડાઘ, કબ્જા ઉપર લોહીના સૂકા ડાઘ જોવા મળેલા. મૃતકના શરીર ઉપર ઓળખના ચિહ્નમાં ડાબા હાથની કોણી ઉપર ઉઝરડો હતો જ્યારે જમણા કાંડા ઉપર તથા ડાબા પગ ઉપર ક્રિસમસ ટ્રી આકારનું ટેટુ દોરેલ હતું. શરીરનું બંધારણ પાતળું હતું અને શરીર ઠંડુ પડેલ હતું. શબનું પરીક્ષણ કરતા આખા શરીર ઉપર રાયગરમોટીસની શરૂઆત થઇ ગયેલ જોવા મળેલ હતી. પી.એમ. લિવિડિટી દબાણ સિવાયના શરીરના પાછળના ભાગે જોવા મળેલી. શબનો દેખાવ જોતાં કાળા

કલરના વાળ હતા અને એક આંખ બંધ હતી, જીભ મોઢામાં હતી, છ દાંત પડી ગયેલ હતા, મોઢા તથા નાકમાંથી બ્લીડિંગ થયેલ હતું. જ્યારે આંતરિક (ગુપ્ત) ભાગે કોઇ ઈજાના નિશાન હતા નહીં. શરીર ઉપરથી અન્ય કોઇ નોંધનીય શંકા જણાઇ આવેલ ન હતી. મૃતકના શરીરની ઈજા સંદર્ભે આ ડોક્ટર સાહેદ નાઓએ બાહ્ય પરીક્ષણ કરતા ઈજા નંબર-૧ ડાબી બાજુ આંખની નીચેના ભાગે ૬.૫ x ૨.૫ x ૦.૫ સે.મી. કપાઇ ગયેલ લોહી વહી ગયેલ ઈજા હતી. ઈજા નંબર-૨ ડાબી બાજુના મોંના ખૂણાના ભાગમાં ૨ x ૧ x ૦.૫ સે.મી. નો ચીરો પડેલ તથા લોહી વહી ગયેલ ઈજા હતી. ઈજા નંબર-૩ મોઢાના અંદરના ભાગમાં નીચેના મોલર દાંત અને બીજા ત્રણ દાંત પડી ગયેલ જોવા મળેલા. ઈજા નંબર-૪ ડાબી બાજુએ માથાના ભાગમાં ચકામા જોવા મળેલા. ઉપરોક્ત ઈજાઓ એન્ટી મોર્ટમ હતી. જેમાં કોઇ ફ્રેક્ચર જણાઇ આવેલ નહીં. મૃતકના માથાના અંદરના ડાબી બાજુએ લોહીનો ભરાવો જોવા મળેલ હતો. ખોપરીના ભાગે ફ્રેક્ચર જણાયેલ ન હતું. મગજ ફીકું અને કંજસ્ટેડ હતું. જમણું તથા ડાબું ફેફસું ફીકું હતું જ્યારે શરીરના છાતીના અન્ય ભાગોમાં કોઇ નોંધપાત્ર ચિહ્નો જણાઇ આવેલ ન હતું. મૃતકનું હૃદય ૨૫૦ ગ્રામનું હતું. હૃદયમાંથી લોહીના નમૂના લીધેલા. પેટની અંદર, આંતરડાઓ, યકૃત, બરોળ, મૂત્રપિંડમાં કોઇ નોંધપાત્ર નિશાન જણાયેલ ન હતા. હોજરીમાંથી કોઇ વિશિષ્ટ દુર્ગંધ આવતી ન હતી. મોટા આંતરડામાં સેમીસોલિડ મળ જોવા મળેલ હતું. શબ પરીક્ષણના અંતે મૃતકના કપડા તથા મેળવેલ લોહીના નમૂનાઓ તપાસ કરનાર અધિકારીને સોંપી આપેલ. આ ડોક્ટર સાહેદ નાઓને શબ પરીક્ષણના અંતે મરણજનારના મૃત્યુનું સંભવિત કારણ માથામાં થયેલી ઈજા તથા વધુ પડતું લોહી વહી જવાના કારણે હેમરેજિક શોક લાગવાના કારણે મૃત્યુ થયેલ હતું. તેમના મૌખિક પુરાવાના સમર્થનમાં પી.એમ. નોટ ઓળખી બતાવતાં આંક-૧૨ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. આ ડોક્ટર સાહેદે ઊલટ તપાસમાં પી.એમ. દરમિયાન કોઇ ફ્રેક્ચર જોવા મળેલ ન હતું તેવું સ્વીકારે છે. એ વાત સાથે પણ સહમત થયેલ હતા કે, કોઈ માણસ પડી જાય અને લોખંડનો ખીલો વાગે તો આવા પ્રકારની ઈજા થઈ શકે. પરંતુ આરોપી તરફેથી લીધેલ સદર બચાવ સંબંધી અન્ય કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સરતપાસમાં મરનારને માથાના પાછળના ભાગે, મોઢાના ભાગે તથા જડબાના ભાગે જે પ્રકારે ઈજાઓ થયેલ હતી તેના કારણે માથામાં થયેલી ઈજા તથા લોહીનું વધુ પડતું વહી જવાના કારણે હેમરેજિક શોક લાગવાના કારણે મૃત્યુ થયેલ હતું. તેને નકારતી બીજી કોઈ તકરાર લીધેલ નથી. આમ, મેડિકલ ઓફિસરનો પુરાવો તથા રજૂ થયેલ પી.એમ. નોટ આંક-૧૨ તેમજ આંક-૧૯ વાળું ઇન્કવેસ્ટ પંચનામામાં મરણજનારને ઉપરની ઈજાઓ થયાનું દર્શાવેલ છે. આવી ઈજાઓના કારણે મૃતકનું મૃત્યુ થયું હોવાનું પ્રસ્થાપિત થાય છે. બીજું,

અન્ય બીજી રીતે મોત નીપજેલું નથી. આમ, મરણજનારનું મોત માનવસર્જિત ઈજાઓના કારણે સાપરાધ મનુષ્યવધ થયેલ છે, સાપરાધ હત્યા કરેલી હતી તેવું ફરિયાદપક્ષની તરફેણમાં પુરવાર થાય છે. જેથી મુદ્દા નંબર-૧ ફરિયાદપક્ષ પુરવાર કરે છે, જેથી તેનો જવાબ "હકાર" માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર-૨ ની ચર્ચાઃ**

**(૧૨)** મુદ્દા નંબર-૧ ની ચર્ચા કર્યા મુજબ મરણજનારનું મોત એ અકુદરતી રીતે સાપરાધ મનુષ્યવધ યાને કે હત્યા થયેલ હોવાનું પુરવાર થયેલું છે. તેની સામે બચાવપક્ષ તરફેથી કોઈ વાંધો કે તકરાર ઉઠાવવામાં આવેલ નથી. ત્યારે ફરિયાદપક્ષના કેસ મુજબ હાલના આરોપીએ જ આંક-૦૭ વાળા તહોમત અને તેના સંદર્ભમાં ઉપસ્થિત મુદ્દા નંબર-૨ માં દર્શાવ્યા મુજબની વિગતે મરણજનારને ઈજાઓ પહોંચાડવામાં આવી હતી કે કેમ? તે બાબતે રેકર્ડ ઉપર આવેલા પુરાવાની ચર્ચા કરતાં પહેલાં કેટલીક નિર્વિવાદિત હકીકત જોઈએ તો, મરનાર તથા આરોપી વચ્ચે પતિ-પત્નીનો સંબંધ છે. ફરિયાદ પોતાના સગા દીકરાએ પોતાના પિતા સામે નોંધાવેલ છે. મરનારની લાશ આરોપીના જ ઘરમાંથી મળી આવેલ હતી. કુહાડી મારવાનો બનાવ કોઈએ નજરે જોયેલો ન હતો. ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવનું કારણ કે આરોપીનો મોટિવ જોઈએ તો, આરોપીના મરનાર પત્ની જે આરોપીને ખેતીકામે મોકલતાં આરોપીએ ખેતીકામે જવાની ના પાડેલી તેના કારણે થયેલા ઝગડામાં મરનારનું કુહાડી મારીને ખૂન કરી નાખેલ હોવાનો આક્ષેપ છે. પરંતુ બનાવ પૂર્વે તુરંતના સમયમાં મરનાર તથા આરોપી પતિ-પત્ની વચ્ચે ઝગડો થયેલો તે બનાવ વખતે સાહેદો હાજર હતા. બાદમાં ઘરમાંથી લાશ મળી આવેલી. જેથી આખોય ફરિયાદપક્ષનો કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે.

**ફરિયાદીના પુરાવાની ચર્ચાઃ**

**(૧૩)** ફરિયાદી વિનોદભાઇ પ્રતાપભાઇ જેઓ આરોપી તથા મરનારનો દીકરો સગો દીકરો થાય છે. તેમને સાહેદ નંબર-૨ થી તપાસવામાં આવ્યા છે. આ ફરિયાદીએ તેમને નોંધાવેલી ફરિયાદ હકીકતો ઓળખી બતાવતાં અસલ ફરિયાદ આંક-૧૪ થી ફરિયાદીના પુરાવા દરમિયાન રેકર્ડ પર લેવામાં આવેલ છે. ફરિયાદીએ તેમને નોંધાવેલી ફરિયાદ હકીકતો સંદર્ભે અદાલત રૂબરૂ એવો પુરાવો જણાવે છે કે, મરણજનાર તેમની માતા થાય છે, જ્યારે આરોપી તેમના પિતા થાય છે. બનાવ પહેલા બે ભાઈઓ અને બે બહેનો અને માતા-પિતા એમ છ જણા સંયુક્ત કુટુંબમાં નીંગવાડીયા ફળિયા મોટી કનાશ ગામે રહેતા હતા. ભાઈ-બહેનોમાં સૌથી મોટા ફરિયાદી છે, દરેક ભાઈ-બહેનો અપરિણીત છે. તેમનું મકાન કાચું છે અને ખેતીકામ કરી ગુજરાન ચલાવે છે. આ ફરિયાદી તેમના પુરાવામાં

જણાવે છે કે, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ તેમની એક બહેન બહારગામ મજૂરીએ ગયેલી હતી, તે સિવાય તેઓ બધા ઘરે હાજર હતા. તેઓના અન્ય ભાઇ-બહેનો વહેલી સવારે મજૂરી અર્થે ઘરેથી ચાલ્યા ગયેલા હતા. બાદ સવારમાં નવેક વાગ્યાના અરસામાં તેમની મરનાર માતા ધુળકીબેને તેમના પિતા એટલે કે, આરોપીને ખેતરે મજૂરી કરવા જવા જણાવેલું એટલે તેમના પિતા/આરોપીએ કામ ના કરવું પડે એટલે તેમની મરનાર માતા સાથે ઝગડો કરવા લાગેલા. ત્યારે ફરિયાદી રંગપુર ગામે ખેતરમાં જીવડા મારવાની દવા લેવા મોટરસાયકલ લઇને નીકળી ગયેલા. ત્યારે ઘરમાં તેના માતા અને પિતા એકલા જ હતા, બીજું કોઇ હતું નહીં. ફરિયાદી એવું પણ જણાવે છે કે, સાડા દસ વાગ્યાના અરસામાં તે દવા લઈને તેમના ઘરે પરત ફરેલા, ત્યારે ઘરનો દરવાજો બહારથી બંધ હતો જેથી દરવાજો ખોલી ઘરમાં પ્રવેશ કરતા તેમની માતા લોહીલુહાણ હાલતમાં જમીન ઉપર પડેલા હતા. મરનારના માથાના પાછળના ભાગે તથા મોઢા ઉપર કુહાડીનો પાછળનો ભાગ મારી ઈજા કરેલ હતી. જે કુહાડી ઘરના ખૂણામાં જ પડેલ હતી, કુહાડી લોહીવાળી થયેલી હતી. તેમની મરનાર માતા બેસુધ હાલતમાં મરણ ગયેલ હાલત જણાઇ આવતા તેઓએ આડોશી-પાડોશીમાં વાત કરેલી. વાત ફેલાઈ જતા પોલીસ તેમના ઘરે આવેલી અને તેમની માતા મરણ પામેલ હોય પોલીસ તેમની મૃત માતાનું શબ પી.એમ. કરવા લઈ ગયેલા. આ દરમિયાન તેમના પિતા/આરોપી ઘર છોડીને નાસી ગયેલા હોય અને પરત ફરેલા ન હોઇ જેથી ફરિયાદીને તેમના પિતા ઉપર શંકા હોય જેથી તેમના પિતા વિરુદ્ધ રંગપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. તેમ જણાવી ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ હતી. પોલીસે તેમની માતાનું પી.એમ. થયા બાદ તેમને લાશ સોંપી આપેલી તે સબબની પાવતીમાં સહી કરી આપેલી તેમ જણાવી લાશ સોંપ્યાની પાવતી ઓળખી બતાવતાં આંક-૧૫ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. પોલીસને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવાનું હોય બનાવવાળી જગ્યા બતાવેલી, જ્યાં સ્થળ ઉપરથી ગુનામાં વપરાયેલ કુહાડી પોલીસે કબજે કરેલી. ફરિયાદીએ મુદ્દામાલ હથિયાર કુહાડી અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ ફરિયાદીએ ઊલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલો ન હોય જેથી તેમની માતા કેવી રીતે મરણ પામેલા તે તેઓ જોયેલ ન હોય જેથી તેઓ ચોક્કસ કહી શકે નહીં તેમજ બનાવના દિવસે મારા ભાઇ-બહેનો ઘરે હાજર ન હતા તેવું સ્વીકારે છે. પરંતુ આજુબાજુ અને ગામના લોકોના કહેવાથી તેઓએ આંક-૧૪ વાળી ફરિયાદ આપેલ હોવાનો સ્પષ્ટ ઇનકાર કરેલ છે.

**(૧૪)** સાહેદ નંબર-૭ દિનેશભાઈ પ્રતાપભાઇ રાઠવા જે પણ મરનાર ધુળકીબેન તથા આરોપીનો દીકરો થાય છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, બનાવ આશરે દશેક માસ અગાઉ

ચોમાસા દરમિયાન બનેલો. બનાવના દિવસે તેઓ ખેતરમાં ગયેલ હતા. જ્યારે તેમના ઘરે તેઓના માતા-પિતા એટલે કે, મરનાર ધુળકીબેન તથા આરોપી તેમજ ફરિયાદી વિનોદભાઇ હાજર હતા. બાદમાં સવારે નવેક વાગે તેમના ભાઈ વિનોદભાઇ ખેતરે જઇને તેમને કહેલ આપણી માતાનું ખૂન થઇ ગયેલ છે, જે ખૂન આપણા પિતા કરેલ છે. જેથી ફરિયાદી વિનોદભાઇ સાથે તેમના ઘરે તુરંત પહોંચી ગયેલ, જ્યાં જઇને જોયેલ તો તેમની માતા મરનાર ધુળકીબેન લોહીલુહાણ હાલતમાં જમીન ઉપર પડેલ હતા. તે વખતે તેમના પિતા/આરોપી ઘરે હાજર ન હતા. મરનારને માથાના પાછળના ભાગે ઈજાઓના નિશાન જોયેલ. આ સાહેદ જણાવે છે કે, આ બનાવ બનવાનું કારણ તેમને ખબર નથી. આ સાહેદ આરોપી તરફે કરેલી ઊલટ તપાસમાં બનાવ સમયે આરોપી ખેતરમાં મજૂરીએ ગયેલા હોવાનો સ્પષ્ટ ઇનકાર કરેલ છે. અને ખૂનનો બનાવ બનતાં પહેલાં તેમના ઘરે મરનાર અને આરોપી બંને પતિ-પત્ની જ ઘરે હતા તે વાતને વળગી રહેલા છે.

**(૧૫)** સાહેદ નંબર-૮ રમીલાબેન પ્રતાપભાઇ રાઠવા જેઓ મરનાર તથા આરોપીની દીકરી થાય છે. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે. પરંતુ તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ તેણી ખેતરે ખેતીકામ કરવા ગયેલ હતી, ત્યારે બપોરના સમયે તેણીને સાહેદ નંબર-૭ દિનેશભાઈએ ખેતરમાં આવીને મરનાર ધુળકીબેન ઈજાગ્રસ્ત પડેલ છે તેવી જાણ કરતાં તેણી ઘરે પહોંચી ગયેલ અને ઘરે જઇને મરનારને ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ જોયેલા અને ઘરમાં બીજું કોઇ હતું નહીં, એટલે કે, ફરિયાદીના કથન મુજબ તેઓ સાહેદ નંબર-૭ ને ઘરે તેડી લાવેલા અને સાહેદ નંબર-૭ નાએ ખેતરે જઇને સાહેદ નંબર-૮ ને જાણ કરતાં સાહેદ નંબર-૮ ઘરે આવેલા ત્યારે મરનારની તેમના ઘરમાં લાશ જોયેલ તે વખતે આરોપી ઘરે હાજર ન હતા, જેથી આરોપી/પિતાને જોયેલ નથી તેવું ફલિત થાય છે. તે રીતે આરોપી ગુનો કરીને ભાગી ગયેલ તે વાતને આડકતરી રીતે સમર્થન મળે છે.

**પોલીસ તપાસ અંગે પંચ સાહેદોનો પુરાવોઃ-**

**(૧૬)** ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ પારસિંગભાઈ ચંદુભાઈ રાઠવાને સાહેદ નંબર-૩ થી તપાસેલ છે. તેમના કથન મુજબ આઠેક મહિના પહેલા પોલીસના બોલાવવાથી કનાશ ગામે તેઓ તથા બીજા પંચ ધનજીભાઈ રામસિંગભાઈ રાઠવા નાઓ ગયેલા. આરોપી પ્રતાપભાઇ રૂપસિંગભાઈ રાઠવા ફુઆ થતા હોય, તેઓના ઘર પાસે હાજર રાખેલા તે વખતે મકાનમાં જઈ લોહીવાળી માટી પંચો રૂબરૂમાં કબજે લીધેલ. ત્યાંથી એક કુહાડી પંચો રૂબરૂ કબજે કરેલ. તે બાબતે વિગતવાર પંચનામું કરેલું અને તેમાં તેમના અંગૂઠાના નિશાન લીધેલા. આ પંચ સાહેદે આંક-૧૭

વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમનો તથા બીજા પંચનો અંગૂઠો ઓળખી બતાવેલ છે. એટલું જ નહીં તેમની હાજરીમાં કબજે લીધેલ મુદ્દામાલ કુહાડી બતાવવામાં આવતાં તેમની રૂબરૂમાં આરોપીના ઘરેથી મુદ્દામાલ કુહાડી કબજે લીધેલ હતી તે જોઇને તે તે જ છે તેમ જણાવી હથિયાર કુહાડી ઓળખી બતાવેલ છે. સાહેદે ઊલટ તપાસમાં પોલીસે લખેલા કાગળમાં તેમની સહી કરાવેલી તે કાગળમાં શું લખેલ હતું તેની તેમને કોઈ માહિતી નથી તેવું સ્વીકારે છે. પરંતુ આંક-૧૭ વાળા પંચનામામાં અંગૂઠો કરેલ હતો. ખુદ આરોપીપક્ષે કુહાડી આ પંચ સાહેદે પોલીસને આપેલી તેવી હકીકત રેકર્ડ પર લઈ આવેલ છે. તેનાથી ગુનો કરવા માટે જે હથિયાર કુહાડીનો આરોપીએ ઉપયોગ કરેલ હતો તે આ પંચ સાહેદ નાઓની હાજરીમાં પોલીસે કબજે લીધેલ હતી, પંચોએ પણ જોયેલ હતી અને તેમની હાજરીમાં પોલીસે કબજે લીધેલ છે તે બાબતે વધુ ફળદાયી રીતે ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

**(૧૭)** સાહેદ નંબર-૪ રાકેશભાઇ ઢીલાભાઈ રાઠવા, જેઓ ઇન્ક્વેસ્ટ પંચનામા તથા લાશ પરનાં કપડાં કબજે લીધાના પંચનામાના પંચ સાહેદ છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર ખાતે મરણજનાર ધુળકીબેન પ્રતાપભાઇ રાઠવાની લાશ પી.એમ. કરવા માટે લાવેલ તે વખતે પંચમાં રહેવા સમજ કરતાં તેઓ તથા બીજા પંચ જાયકલાભાઈ તથા ઢેળીબેન નાઓ પંચમાં રહેવા હાજર થતાં, તેઓએ ધુળકીબેનની લાશ જોયેલી અને મરનારે પહેરેલ કપડાં તેમની રૂબરૂમાં કબજે કરેલ. જે કપડાંમાં લીલા કલરનો બ્લાઉઝ, લીલા કલરનો ચણિયો, લીલા કલરની ઓઢણી હતી. તેમ જણાવી ઇન્ક્વેસ્ટ પંચનામા તથા મરણજનારના કપડાં કબજે કર્યાનું પંચનામું જોઈને તેમની સહી તથા અન્ય પંચો જાયકલાભાઈ તથા ઢેળીબેનના અંગૂઠા ઓળખી બતાવતાં બંને પંચનામાઓ અનુક્રમે આંક-૧૯ તથા આંક-૨૦ આપી રેકર્ડ પર લેવામાં આવેલ છે. આ પંચ સાહેદે કબજે લીધેલ કપડાં ક્યાં હતા? તેનું પુરાવામાં વર્ણન કરતાં તેમને મરનારની લાશ પરથી કબજે લીધેલા કપડાં બતાવવામાં આવતાં લાશ પરનાં મુદ્દામાલ કપડાં જોઈને તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. જો કે, ઊલટ તપાસમાં લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલી તે કાગળમાં શું લખેલ હતું તે વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં પરંતુ તેઓએ મરનારની લાશ જોયેલી અને લાશ પરનાં કપડાં આ પંચ સાહેદની હાજરીમાં પોલીસે કબજે લીધેલ તે ઓળખી બતાવે છે તેનું ખંડન થઇ શકે તેવી બીજી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી.

**(૧૮)** ત્યારબાદ આરોપીની અટક/આરોપીના કપડાં કબજે લીધાના તથા રિકન્સ્ટ્રક્શન પંચનામાના

પંચો પૈકી પંચ ભાદુભાઇ રાયસિંગભાઈ રાઠવાને સાહેદ નંબર-૫ થી તથા સાહેદ નંબર-૬ થી બીજા પંચ રામકાભાઇ સેંગલાભાઈ રાઠવાને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ હતા. આ બંને પંચોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે. પરંતુ આ બંને પંચોએ એકબીજાને અનુરૂપ પુરાવો આપે છે કે, તેઓ બંનેને તા.૦૫/૦૭/૨૦૨૫ના રોજ પોલીસે રંગપુર પોલીસ સ્ટેશને બોલાવેલા. તે વખતે ત્યાં પ્રતાપભાઈ રૂપસિંગભાઈ રાઠવા નાઓ હાજર હોય તેના/આરોપીના કપડાં કબજે કરી પંચનામું કરવાની સમજ કરેલી. તે વખતે પ્રતાપભાઈ રૂપસિંગભાઈ રાઠવા નાઓએ કપડાં રજૂ કરેલા. જે કપડાં જોતાં જેમાં એક મોટો રૂમાલ અને એક ટી-શર્ટ રજૂ કરેલ. જે બંને વસ્તુ અલગ અલગ કાગળમાં લપેટી પંચોની સહી કરી કબજે કરેલા. તે મુજબનું પંચનામું પંચો રૂબરૂમાં વિગતવાર કરેલ. બંને પંચોએ આરોપીની અટક પંચનામું તથા કપડાં કબજે કર્યાનું પંચનામું જેમાં તેમની સહી તથા પંચ રામકાભાઇ સેંગલાભાઇના અંગૂઠાનું નિશાન ઓળખી બતાવતાં આરોપીની અટક પંચનામું તથા કપડાં કબજે કર્યાનું પંચનામું આંક-૨૨ આપી રેકર્ડ પર લેવામાં આવેલ. બંને પંચોએ મુદ્દામાલ વાળા કબજે લીધેલા આરોપીના કપડાં જોઈને તે તે જ છે તેમ જણાવી ઓળખી બતાવેલ છે. બંને પંચોએ રિકન્સ્ટ્રક્શન પંચનામામાં પંચ નંબર-૫ નાએ પોતાની સહી તથા પંચ નંબર-૬ નાએ પોતાનો અંગૂઠો ઓળખી બતાવતાં આંક-૨૩ થી રિકન્સ્ટ્રક્શન પંચનામું રેકર્ડ પર લેવામાં આવેલ છે. આમ, બંને પંચોએ રિકન્સ્ટ્રક્શન પંચનામાની હકીકતે કોઇ સમર્થન કરેલ નથી પરંતુ આ બંને પંચનામાઓની કાર્યવાહી પોલીસે કરી હતી તે વખતે આરોપી પણ હાજર હતા અને આરોપીની હાજરીમાં પોલીસે આંક-૨૨ અને આંક-૨૩ વાળા પંચનામાની કાર્યવાહી કરેલ હતી. ઊલટ તપાસમાં તેઓએ બંને પંચનામામાં સહી/અંગૂઠો કરેલ તેવું સ્વીકારે છે પરંતુ પંચનામાની કાર્યવાહી કરેલ હતી તે સબબ જે પુરાવો જણાવે છે તેનું ખંડન થઇ શકે તેવી બીજી કોઇ વિરુદ્ધની હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.

**તપાસ અંગેનો પુરાવોઃ-**

**(૧૯)** આ ગુનાના તપાસ કરનાર અધિકારી કોમલબેન ધનજીભાઇ કેવડિયાને સાહેદ નંબર-૯ થી તપાસવામાં આવ્યા છે. તેમના પુરાવામાંથી એવું બહાર આવે છે કે, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ રંગપુર પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હાજર હતા, તે વખતે સવારના આશરે ૯ થી ૧૦ વાગ્યાના કોઈપણ સમયે મોજે-કનાસ ગામે ફરિયાદીના પિતા પ્રતાપભાઈ રૂપસિંગભાઈ રાઠવાએ ધુળકીબેનને તું ખેતરમાં કામ કરવા કેમ જતો નથી? તેમ કહેતા ફરિયાદીના પિતાએ તેમની માતાને કહેલ કે, હું ખેતરે કામ કરવા નહીં જઉં અને તે બાબતે બોલાચાલી અને ઝઘડો કરી ફરિયાદીના માતાના માથાના

પાછળના ભાગે તથા ચહેરાના ભાગે કુહાડી વડે ઉપરાછાપરી મરણતોલ ઘા મારી જીવલેણ ઈજાઓ પહોંચાડેલી અને સ્થળ ઉપર મોત નીપજાવી નાસી ભાગેલ. જે બાબતની તેમના રૂબરૂની વિગતવાર આંક-૧૪ વાળી ફરિયાદ લીધેલ. આ ત.ક. અમલદારે તપાસ સંભાળી ફરિયાદની એફ.આઈ.આર. મેળવી, ગુનામાં એફ.એસ.એલ.ની જરૂરિયાત જણાતાં એફ.એસ.એલ.ને રિપોર્ટ કરી કંટ્રોલ રૂમમાં જાણ કરેલી. મરણજનાર ધુળકીબેન પ્રતાપભાઈ રૂપસિંગભાઈ રાઠવાની લાશ જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર ખાતે પી.એમ. રૂમમાં મોકલેલ. લાશનું ઇન્ક્વેસ્ટ ભરવા સારુ યાદી કરેલી. મરણજનારનું પી.એમ. કરવા માટે રંગપુર મેડિકલ ઓફિસરને યાદી કરેલી. પી.એમ. થયા બાદ ફરિયાદીને મરણજનારની લાશ પાવતી સાથે સોંપેલ. ફરિયાદીનું નિવેદન લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. મરણજનારના કપડાં પંચો રૂબરૂ પંચનામાની રૂએ કબજે કરેલ. તા.૦૫/૦૭/૨૦૨૫ રોજ ૧૦.૧૫ કલાકે આરોપી મળી આવતા આરોપીને અટક કરેલ અને તેના કપડાં કબજે લીધેલ. આરોપી સાથે ગુનાવાળી જગ્યાની વિઝિટ કરી રિકન્સ્ટ્રક્શન પંચનામું તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. તપાસના કામે આરોપીના બ્લડ સેમ્પલ લઈ મેડિકલ કરાવેલ. ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા યાદી કરેલી અને પી.એમ. નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. કબજે કરેલ મુદ્દામાલના પૃથક્કરણ માટે એફ.એસ.એલ.માં રવાનગી પત્રકથી મોકલી આપેલ. ત.ક. અમલદારે આંક-૧૦ લાશનું પી.એમ. કરવા કરેલ યાદી, આંક-૧૯ ઇન્ક્વેસ્ટ પંચનામું, આંક-૧૧ મરણોત્તર ફોર્મ, આંક-૧૫ લાશ સોંપ્યાની પાવતી, આંક-૨૦ મરણજનારના કપડાં કબજે કર્યાનું પંચનામું, આંક-૧૭ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ઈ-સાક્ષ્ય સર્ટી, આંક-૨૨ આરોપીનું અટક પંચનામું, આંક-૨૩ રિકન્સ્ટ્રક્શન પંચનામું તથા તેમની સાથે સર્ટી, આંક-૧૨ પી.એમ. નોટ વાળા રજૂ થયેલ દસ્તાવેજો ઓળખી બતાવેલા છે. ત.ક. અમલદારે ગુનાનો સ્પેશિયલ રિપોર્ટ, લાશનું ઇન્ક્વેસ્ટ ભરવા કરેલ યાદી, લાશ સંભાળ્યાની પાવતી, સ્થળ પરીક્ષણ અહેવાલ, આરોપીને અટક કરી સ્ટેશન ડાયરીમાં નોંધ, એફ.એસ.એલ. વડોદરા ખાતે મોકલેલ રવાનગી પત્રક, એફ.એસ.એલ. વડોદરા ખાતે મુદ્દામાલ મળ્યાની પહોંચ, ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા કરેલ યાદી, ગુનાવાળી જગ્યાનો નકશો વગેરેમાં તેમની સહી ઓળખી બતાવતાં તેને આંક-૨૮ થી ૩૬ આપી રેકર્ડ પર લેવામાં આવેલ છે. તેઓએ તપાસના કામે એફ.એસ.એલ.રિપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ. જે બાયોલોજીકલ અને સીરોલોજીકલ અહેવાલ તે જ હોય તેને ઓળખી બતાવતાં આંક-૩૭ આપી રેકર્ડ પર લેવામાં આવેલ છે. આ ત.ક. અમલદારની જુબાની દરમિયાન હોસ્ટાઈલ જાહેર થયેલ સાહેદ નંબર-૮ રમીલાબેન પ્રતાપભાઈ રાઠવા નાએ તેમની રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતો સરકારશ્રી દ્વારા

રેકર્ડ પર લાવવાના પ્રયત્નો કરેલ હતા. ત.ક. અમલદારે આરોપી સામે પૂરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ તથા આરોપીને વી.સી. માધ્યમથી ઓળખી બતાવેલ છે. આ ત.ક. અમલદારે ઊલટ તપાસમાં ફરિયાદ તેઓએ નોંધેલ અને તપાસ પણ જાતે કરેલ હોવાનું સ્વીકારે છે. ત.ક. અમલદાર સ્વીકારે છે કે, ઇન્ક્વેસ્ટ પંચનામું તા.૦૪/૦૭/૨૦૨૫ના રોજ ૫.૦૦ વાગ્યે શરૂ કરી ૦૬.૧૫ વાગ્યે પૂર્ણ કરેલ, જ્યારે મરણજનારની લાશ પી.એમ. માટે તે જ દિવસે ૦૫.૪૫ વાગ્યે જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર મુકામે મોકલી આપેલ તે મુજબ પી.એમ. નોટમાં શબ પરીક્ષણ શરૂ કર્યાનો સમય ૦૬.૧૫ અને શબ પરીક્ષણ પૂર્ણ કર્યાનો સમય ૦૭.૨૦ નો છે તેવું દર્શાવી ઇન્ક્વેસ્ટ પંચનામાની કાર્યવાહી સબબ શંકાઓ ઊભી કરેલ હતી. પરંતુ લાશનું ઇન્ક્વેસ્ટ પંચનામું કરેલ જ ન હતું અને ખોટું ઊભું કરેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. જો કે, ત.ક. અમલદારે પંચો રૂબરૂ કોઈ પંચનામા કરેલ ન હોવાનો તથા આરોપી સામે પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે. તેમ છતાં હાલના ગુનાની જે તપાસની કાર્યવાહીનો જે પુરાવો રજૂ થયો છે તે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ત.ક. અમલદારે જે તપાસની કાર્યવાહી કરી છે અને તપાસની કાર્યવાહી દરમિયાન જે પુરાવા એકત્રિત કર્યા હતા અને જે દસ્તાવેજો પંચોની હાજરીમાં તૈયાર કર્યા હતા તેવા પંચનામાઓની કાર્યવાહી ખોટી રીતે ઊભી કરવામાં આવી હોય કે ખોટા પુરાવા ઊભા કરવામાં આવ્યા હોય કે આરોપી સાથે દ્વેષભાવ રાખીને ફરિયાદપક્ષના કેસમાં શંકાઓ ઊભી કરી શકાય તેવી ખોટી તપાસ કરવામાં આવી હોય તેવા મતલબની કોઈ હકીકતો બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યાં સુધી તપાસ અધિકારીએ કરેલી તપાસની કાર્યવાહીને નજરઅંદાજ કરી શકાય નહીં.

**(૨૦)** આમ, હાલના કામે ફરિયાદપક્ષનો કેસ અને ફરિયાદપક્ષના કેસના સંદર્ભમાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદોના પુરાવા તેમજ રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ માંની રેકર્ડ પર આવેલી હકીકતો ધ્યાને લેતાં આ કામે એક પણ સાહેદે બનાવ બનતા નજરે જોયેલો નથી. આખોય કેસ સાંયોગિક પુરાવાઓ ઉપર આધારિત હતો.

**(૨૧)** સામાન્ય રીતે ડાયરેક્ટ અને નજરે જોનારા સાહેદો મળી આવ્યા હોત તો, બનાવ બનવા પાછળનું કારણ કે આરોપીનો મોટિવ સાબિત કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ ન હોત. જ્યારે કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત હોય ત્યારે બનાવ બનવા પાછળનું કારણ કે આરોપીના મોટિવનું મહત્વ વધી જાય છે. મોટિવની સાથે સાથે તપાસ દરમિયાન આરોપીની સામે ઊભી થયેલી શંકાની સોય બાબતે આરોપીના મોટિવના સંદર્ભમાં શું પુરાવા મળી આવે છે? આરોપી સામેની ઉપસ્થિત શંકાઓ આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારે શંકાઓને તોડીને બનેલ ઘટના વિશે ખરેખર

આરોપીએ જ આ ગુનો આચરેલો હતો કે કેમ? તે બાબતે પુરાવાની શું કડીઓ જોડાય છે? શું કડીઓ બહાર આવે છે? સાંયોગિક પુરાવાની કડીઓ એટલી મજબૂત અને શંકારહિત રીતે પુરવાર થાય છે કે કેમ? તે અદાલતે ઝીણવટપૂર્વક ચકાસીને જોડાતી પુરાવાની કડીની સાંકળ નિઃશંકપણે પુરવાર થાય છે કે કેમ? તે જોઇને કેસ નિર્ણીત કરવાનો રહે છે.

**(૨૨)** ફરિયાદપક્ષ સાંયોગિક પુરાવાઓ ઉપર આધાર રાખે છે. પોતાનો કેસ સાબિત કરવા માટે ફરિયાદી જે મરનારનો દીકરો, બીજો દીકરો, પુત્રી વગેરે સાહેદો ઉપરાંત સ્વતંત્ર પંચ સાહેદોના મૌખિક પુરાવા ઉપર આધાર રાખ્યો છે. તે ઉપરાંત મરનારની ડેડ બોડીનું પી.એમ. કરનાર મેડિકલ ઓફિસર તથા ત.ક. અમલદારશ્રીને તપાસેલા છે, તે સિવાય અન્ય કોઇ સાક્ષીને તપાસેલા નથી. જ્યારે ૨૦ જેટલા જુદા જુદા દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.

**(૨૩)** ફરિયાદપક્ષે એવી દલીલ કરી હતી કે, કુહાડી મારવાનો બનાવ કોઇએ નજરે જોયેલ નથી પરંતુ મરનાર આરોપીની પત્ની થતી હતી, તેણીએ આરોપીને ખેતરે કામ કરવા જવાનું જણાવતા આરોપીએ મરનાર સાથે ઝગડો કરેલો, બાદમાં મરનાર અને આરોપી પતિ-પત્ની બે જ ઘરે હતા, મરનારનું ખૂન થઇ ગયેલ હતું, તે ખૂન આરોપી એટલે કે, તેમના પિતાએ કરેલ હતું તેવો પુરાવો સગો દીકરો પોતાના પિતાના વિરુદ્ધમાં જણાવે છે, બીજા દીકરાએ તથા બહેને પણ તે વાતને ટેકો આપેલ છે, આરોપીએ જ ખૂન કરેલ હોવાની વાતને ટેકો આપેલ છે. ફરિયાદીના પુરાવાથી આંક-૧૪ વાળી ફરિયાદ હકીકતો જેમાં આરોપીનું પ્રથમથી જ નામ જાહેર કરેલ હતું અને ફરિયાદ હકીકતો પુરવાર થાય છે. અન્ય ભાઇ-બહેનના પુરાવાથી પણ આરોપીએ ખૂન કરેલ હોવાનું બહાર આવે છે, બનાવના અરસામાં મરનારના ઘરે બીજું કોઇ આવ્યું હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી, આરોપી સિવાય બીજા કોઇએ મરનારનું ખૂન કરેલ નથી. આરોપીએ જ મરનારનું ખૂન કરેલ હતું તેવો ચોક્કસ પુરાવો રેકર્ડ પર આવે છે. તેનું ખંડન કરતી વિરુદ્ધની કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી. મરનારને બીજા અન્ય કોઇ સાથે દુશ્મનાવટ ન હતી, બીજા કોઇ સાથે ઝગડો ન હતો જેથી આરોપી સિવાય બીજા કોઇએ મરનારનું ખૂન કરેલ નથી. મુદ્દામાલ હથિયાર કુહાડી મરનારની લાશ જ્યાં પડેલ હતી ત્યાં ઘરમાંથી જ મળી આવેલ છે, તેના ઉપરથી મરનારનું લોહી મળી આવેલ હતું. આરોપીની હાજરીમાં કુહાડી કબજે લેવામાં આવેલ તે બાબતે પંચનામાઓની હકીકતોને પંચોએ સમર્થન કરેલું છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ માં આરોપીના ઘરમાંથી લાશ કેવી રીતે મળી આવી? તેનો કોઇ ખુલાસો આરોપી કરી શકેલ નથી. જેથી આરોપી સિવાય મરનારનું બીજાએ ખૂન કરેલ નથી, આરોપીને આ ગુના સાથે સીધેસીધા કનેક્ટ કરી શકાય

તેવો મોટિવ સહિતનો મજબૂત સાંયોગિક પુરાવાની કડી જોડાય છે. આ આખાય સાંયોગિક પુરાવાના કેસમાં રજૂ પુરાવાઓમાંથી આરોપીનો મોટિવ પુરવાર થાય છે, અન્ય પુરાવાઓથી પણ ફરિયાદપક્ષને પૂરેપૂરું સમર્થન મળે છે. આરોપી સામેનો કેસ શંકારહિત રીતે પુરવાર થાય છે.

**(૨૪)** તેનાથી વિરુદ્ધ આરોપીપક્ષે એવી રજૂઆત કરી છે કે, આંક-૧૪ વાળી ફરિયાદ હકીકતોને ફરિયાદીએ યોગ્ય સમર્થન કરેલું નથી. પ્રથમ ખેતરે કામ કરવા જવાનું મરનારે કહેતાં ઝગડો થયેલો, તે ઝગડા વખતે સંતાનો ઘરે હાજર હતા છતાં અદાલત રૂબરૂના પુરાવામાં પ્રથમ ઝગડામાં કોઇ હાજર હોવા બાબતે સમર્થન કરેલ નથી. મરનારને કુહાડી મારીને ખૂન થયાના બનાવ વખતે ત્રણેય સાહેદો હાજર ન હતા, માત્ર આરોપી વિરુદ્ધ અનુમાન કરતો પુરાવો જણાવેલ છે તેવા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં અને ફરિયાદપક્ષના પુરાવાઓમાં શંકાઓ ઊભી થાય છે. ફરિયાદી તથા બીજા અન્ય ભાઈ-બહેન સાહેદ નંબર-૭ અને ૮ ના પુરાવામાં પરસ્પર વિરોધાભાસ ઊભો થાય છે, સાહેદોના પુરાવામાં શંકાઓ ઊભી થાય છે. માત્ર આરોપી અને મરનાર ઘરે એકલા જ હતા તેટલા માત્રથી પોતાના પતિએ સગી પત્નીનું ખૂન કરી નાખવા માટે વિશ્વસનીય પુરાવો રજૂ થવો જોઇએ તેવો પુરાવો રજૂ થતો નથી. મહત્વનો મુદ્દો આરોપીનો મોટિવ સાહેદોના પુરાવામાંથી પુરવાર થતો નથી. ત્યારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. તપાસ દરમિયાન કરેલ રિકન્સ્ટ્રક્શનના મહત્વના પંચનામાની કાર્યવાહીથી સાંયોગિક પુરાવાની કોઇ કડીઓ જોડાયેલ નથી. ફરિયાદપક્ષના કેસમાં શંકાઓ ઊભી થાય છે જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવા જોઇએ તેવી રજૂઆત કરી હતી.

**(૨૫)** પક્ષકારોની દલીલોની સાથે સાથે સૌપ્રથમ રેકર્ડ પર આવેલા પુરાવાની મૂલવણી કરીએ તો, મરનાર ધુળકીબેનનું મોત એ કુદરતીક્રમથી થયેલ ન હતું પરંતુ અકુદરતી હત્યા/ખૂન સાપરાધ મનુષ્યવધ થયેલ તેવું ફરિયાદપક્ષની તરફેણમાં પુરવાર થાય છે.

**(૨૬)** હવે, પક્ષકારોની દલીલો તથા રેકર્ડ પર ઉપલબ્ધ સમગ્ર પુરાવાઓનું સંયુક્ત અને તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવે તો, અગાઉના ફકરાઓમાં સાહેદોના પુરાવાની સ્વતંત્ર અને વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. ફરિયાદપક્ષના કેસના સંદર્ભમાં ફરિયાદી સાહેદ નંબર-૨ તથા સાહેદ નંબર-૭ દિનેશભાઈ અને સાહેદ નંબર-૮ રમીલાબેન, જેઓ મરનાર ધુળકીબેન તથા આરોપીના સંતાનો છે, તેમના પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે. નિઃસંદેહ, ઉપરોક્ત ત્રણેય સાહેદોએ મરનાર ધુળકીબેનને આરોપીએ કુહાડી વડે ઈજાઓ પહોંચાડવાનો બનાવ પ્રત્યક્ષ નજરે જોયો નથી. તેમ છતાં, તેમના પુરાવામાંથી પ્રસ્થાપિત થતા સંજોગોનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં ફરિયાદપક્ષની

રજૂઆતને સમર્થન આપતી એક અવિરત અને સુસંગત સંજોગોની શ્રેણી રેકર્ડ પર પ્રસ્થાપિત થાય છે. ફરિયાદી સાહેદ નંબર-૨ના પુરાવા મુજબ, તા.૦૪/૦૭/૨૦૨૫ના રોજ સવારે આશરે ૯:૦૦ વાગ્યાના અરસામાં મરનાર ધુળકીબેને તેમના પતિ અને હાલના આરોપીને ખેતરમાં મજૂરી કરવા જવા જણાવતાં બંને વચ્ચે ઝગડો થયો હતો. આ ઝગડાના કારણ અંગે સાહેદ નંબર-૭ અને ૮ એ સ્પષ્ટ ટેકો આપ્યો નથી, તેમ છતાં બનાવના દિવસે સવારે મરનાર અને આરોપી, જેઓ પતિ-પત્ની હતા, તેમની વચ્ચે ઝગડો થયાની હકીકત ફરિયાદી સાહેદ નંબર-૨ ના પુરાવામાંથી સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે અને તે હકીકતનું અસરકારક ખંડન બચાવપક્ષ કરી શકેલ નથી. ત્યારબાદ ફરિયાદી રંગપુર ગામે ખેતરમાં જીવાતનાશક દવા લેવા માટે મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. તે સમયે ઘરમાં માત્ર મરનાર ધુળકીબેન અને આરોપી જ હાજર હતા અને તેમના સિવાય અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હોવાનું ફરિયાદીના પુરાવામાંથી બહાર આવે છે. આ સંજોગને સાહેદ નંબર-૭ દિનેશભાઈએ પણ મહત્ત્વપૂર્ણ રીતે સમર્થન આપ્યું છે, કારણ કે ઊલટતપાસ દરમિયાન તેણે બનાવ સમયે આરોપી ખેતરમાં મજૂરી કરવા ગયેલા હતા તેવો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. આમ, મરનારના મૃત્યુ પૂર્વે ઘરમાં મરનાર અને આરોપી બંને જ એકલા હાજર હતા તે હકીકત વિશ્વસનીય રીતે પ્રસ્થાપિત થાય છે. ફરિયાદી આશરે સાડા દસ વાગ્યે, એટલે કે લગભગ એક કલાક બાદ, રંગપુર ગામેથી દવા લઈને ઘરે પરત ફર્યા ત્યારે ઘરનો દરવાજો બહારથી બંધ હોવાનું તેમણે જોયું હતું. દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશ કરતાં તેમની માતા ધુળકીબેન લોહીલુહાણ હાલતમાં જમીન ઉપર પડેલી જોવા મળી હતી. ફરિયાદીએ મરનારના માથાના પાછળના ભાગે તથા મોઢાના ભાગે ઈજાઓ જોઈ હતી. વધુમાં, ઘરના ખૂણામાં લોહીવાળી કુહાડી પડેલી હોવાનું પણ તેમના પુરાવામાંથી બહાર આવે છે. તે સમયે આરોપી ઘરે હાજર ન હતા અને બનાવ બાદ ઘર છોડીને જતા રહ્યા હતા તથા બીજા સંતાનો ઘરે પહોંચ્યા ત્યારે પણ આરોપી હાજર મળ્યા ન હતા. ચોક્કસ, ફરિયાદીએ અદાલત સમક્ષ એવું સ્પષ્ટપણે જણાવ્યું નથી કે તેમણે આરોપીને પોતાના ઘરેથી બહાર જતા પ્રત્યક્ષ જોયા હતા. પરંતુ માત્ર આ હકીકતના આધારે એ નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં કે કોઈ અજાણી વ્યક્તિએ મરનારનું ખૂન કર્યું હશે. ખાસ કરીને જ્યારે પુરાવામાંથી સ્પષ્ટ થાય છે કે ફરિયાદી ઘરેથી નીકળ્યા તે સમયે મરનાર અને આરોપી બંને એકલા હતા અને તે અગાઉ તે બંને પતિ-પત્ની વચ્ચે ખેતરમાં મજૂરી કરવા બાબતે ઝગડો થયેલો, બાદ ફરિયાદી આશરે એક કલાકના ટૂંકા સમયગાળા બાદ પરત ફરતાં મરનાર લોહીલુહાણ હાલતમાં મૃત મળી આવ્યા હતા. આ દરમિયાન કોઈ તૃતીય વ્યક્તિ ઘરમાં આવી હોવાનો કોઈ પુરાવો બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી, તેમજ બચાવપક્ષ તરફથી પણ

આવી કોઈ ચોક્કસ અને સંભવિત પરિસ્થિતિ રજૂ કરવામાં આવી નથી. આ સંજોગોમાં એ હકીકત પણ મહત્ત્વપૂર્ણ બને છે કે મરનારને ગંભીર ઈજાઓ થયેલી સ્થિતિમાં ઘરમાં છોડીને આરોપી ત્યાંથી ગાયબ હતા. જો મરનારને કોઈ અજાણી વ્યક્તિએ ઈજાઓ પહોંચાડી હોત અથવા અન્ય કોઈ રીતે મરનારને ઈજા થઈ હોત, તો તે સંજોગોમાં આરોપીના વર્તન અંગે કોઈ સંતોષકારક સ્પષ્ટીકરણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આરોપીનો બનાવ બાદનો ઘરેથી ગાયબ રહેવાનો વર્તાવ, મરનાર અને આરોપી બંને એકલા હોવાની હકીકત, અગાઉ થયેલો ઝગડો, મરનારનું ત્યારબાદ ઘરમાં લોહીલુહાણ હાલતમાં મળી આવવું તથા કોઈ તૃતીય વ્યક્તિની સંડોવણી દર્શાવતો પુરાવો ન હોવો આ તમામ સંજોગો પરસ્પર સુસંગત અને એકબીજાને પૂરક છે. સાહેદ નંબર-૭ અને ૮ બનાવના પ્રત્યક્ષદર્શી નથી, તેમ છતાં તેઓ બનાવની જાણ થતાં ઘરે આવ્યા ત્યારે પણ આરોપી ત્યાં હાજર મળ્યા ન હતા. સાહેદ નંબર-૭એ પણ આરોપીએ જ મરનારનું ખૂન કર્યું હોવાની હકીકત અંગે જાણકારી હોવાનો પુરાવો આપ્યો છે. તેથી, તેમના પુરાવાને માત્ર એટલા કારણસર સંપૂર્ણપણે અવગણી શકાય નહીં કે તેમણે પ્રત્યક્ષપણે કુહાડી મારવાનો બનાવ જોયો નથી. આ તબક્કે અદાલત એ હકીકતની પણ નોંધ લે છે કે ફરિયાદી તથા સાહેદ નંબર-૭ અને ૮ આરોપીના પોતાના જ સંતાનો છે. આરોપી તેમના પિતા છે. સામાન્ય રીતે પોતાના પિતા વિરુદ્ધ ખૂન જેવા અત્યંત ગંભીર આરોપમાં ખોટી રીતે સંડોવવા માટે સંતાનો પાસે કોઈ સ્વાભાવિક કારણ હોય તેવું રેકર્ડ પર જણાતું નથી. બચાવપક્ષ પણ એવો કોઈ વિશ્વસનીય પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેના આધારે એમ માનવાની સંભાવના ઊભી થાય કે સંતાનો કોઈ દુર્ભાવના, અંગત વેરભાવ અથવા અન્ય કારણસર પોતાના પિતાને ખોટી રીતે આ ગંભીર ગુનામાં સંડોવી રહ્યા છે. આમ, સમગ્ર પુરાવા અને પ્રસ્થાપિત સંજોગોનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે (૧) બનાવના દિવસે સવારે મરનાર અને આરોપી વચ્ચે ઝગડો થયો હતો; (૨) ત્યારબાદ મરનાર અને આરોપી બંને ઘરમાં એકલા હતા; (૩) ફરિયાદી આશરે એક કલાક બાદ પરત ફરતાં મરનાર લોહીલુહાણ હાલતમાં ઘરમાં મળી આવ્યા; (૪) બનાવ સ્થળેથી લોહીવાળી કુહાડી મળી આવી; (૫) બનાવ બાદ આરોપી ઘરેથી ગાયબ હતા; અને (૬) કોઈ તૃતીય વ્યક્તિએ ઘરમાં પ્રવેશ કરીને મરનારનું ખૂન કર્યું હોવાની કોઈ હકીકત કે સંભાવના રેકર્ડ પર આવી નથી. આ તમામ સંજોગોની સાંકળ એકબીજા સાથે એવી રીતે જોડાયેલી છે કે તે આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિએ ગુનો કર્યો હોવાની વાજબી સંભાવનાને દૂર કરે છે. તેથી, અદાલતના સુવિચારિત મત મુજબ, ઉપરોક્ત સંજોગજન્ય (સાયોગીક) પુરાવાઓની અવિરત, સંપૂર્ણ અને વિશ્વસનીય સાંકળ માંથી એવો એકમાત્ર તાર્કિક નિષ્કર્ષ નીકળે છે કે મરનાર ધુળકીબેનનું ખૂન એક માત્ર આરોપીએ જ

કર્યું હતું. તેથી, આ સંદર્ભે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલ પુરાવાઓ આરોપીની સંડોવણી સ્થાપિત કરવા માટે વિશ્વસનીય અને દોષસિદ્ધિ માટે વિશ્વસનીય અને ભરોસાજન્ય પુરાવો હોવાનું અદાલત માને છે.

**(૨૭)** બીજું, આરોપીએ તેમના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ હેઠળના વિશેષ નિવેદનમાં પણ તેમના ઘરમાં તેમના પત્નીની લાશ કેવી રીતે મળી આવી હતી તે બાબતે કોઇ ખુલાસો કરી શકેલ નથી.

**(૨૮)** હવે, બીજી રીતે જોઇએ તો, મરનાર ધુળકીબેનની લાશ આરોપીના ઘરમાં જ મળી આવેલી હતી, આરોપી પતિની તે દિવસે તેની પત્ની સાથે બોલા-ચાલી થયેલી અને આમ, આરોપી ઘરમાં હાજર જ હતા. બનાવ બાદ આરોપી ઘરમાંથી ગાયબ ન હતા. તેઓએ તેમની પત્નીની હત્યા સંબંધી કોઇ ફરિયાદ આપેલી નથી. તેથી આરોપીએ ખુલાસો કરવાનો રહે છે કે, તેઓના મરનાર પત્ની ધુળકીબેનને કેવા સંજોગોમાં ઇજા થયેલ છે? તેણીને કોણે ઈજા પહોંચાડી તેમના પોતાના જ ઘરમાં તેમના પત્નીની લાશ લોહીલુહાણ હાલતમાં મળી આવેલ છે તે બાબતે આરોપી પક્ષે કોઇ ખુલાસો સમગ્ર પુરાવા દરમિયાન કરી શકેલ નથી. એટલે તેમના પત્ની મરનારને અન્ય કોઈએ ઈજાઓ પહોંચાડેલ હોય કે બીજી રીતે માથામાં કે મોઢાના ભાગે કોઇ ગંભીર ઈજાઓ થયેલ હોય તેવો કોઈ બચાવ આ કામે આરોપીએ લીધેલ જ નથી કે તેવી કોઇ હકીકત કે ખુલાસો સાહેદોના પુરાવામાંથી આરોપીપક્ષ બહાર લાવી શકેલ નથી. ત્યારે આરોપી સિવાય અન્ય કોઇ ઈસમે મરનારને આવી ગંભીર ઈજાઓ પહોંચાડી હોય તેવું લેશમાત્ર કહી શકાય નહીં. તેથી આરોપીએ જ આ ઈજાઓ કરેલ હોવાનું જોડાયેલી સંયોગીકરણના આધારે સ્પષ્ટપણે પુરવાર થાય છે. ઉપર પુરાવો નોંધ્યો તે મુજબ અને ફરિયાદપક્ષના કેસ મુજબ મરનારની લાશ પોલીસને આરોપીના ઘરમાંથી મળેલી છે. આવા સંજોગોમાં આરોપીએ ખુલાસો કરવાનો રહે છે કે, મરનાર ધુળકીબેન કે જે આરોપીની પોતાની પત્ની છે તેની લાશ પોતાના ઘરમાં કેવી રીતે આવી? વળી, આરોપીએ ખુલાસો કરવાનો રહે છે કે તેઓ બનાવ સમયે કઇ ચોક્કસ જગ્યાએ હતા? તથા પોતાની પત્નીની અંતિમ વિધિમાં તેઓ કેમ હાજર રહ્યા નથી? આ બાબતે આરોપી દ્વારા લેશમાત્ર ખુલાસો કરવામાં આવેલો નથી. તેથી, નામદાર સુપ્રીમ કોર્ટનો **પોલામુરી ચંદ્ર શેખરરાવ વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ક્રિમિનલ અપીલ નં.૨૧૬૮/૨૦૦૯ ચુકાદા તા.૨૩/૭/૨૦૧૨ (૨૦૧૨ (૭) એસસીસી ૭૦૬)**ના ચુકાદાના સિધ્ધાંતો ટાંકવાનું ઉચિત માને છે. આ ચુકાદો જોઇએ તો તેમાં એવી હકીકત હતી કે, મરનારની લાશ આરોપીના ઘરના કમ્પાઉન્ડમાંથી મળેલી હતી અને તે કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરેગ્રાફ નં.૧૮ માં

સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જો મરનારની લાશ આરોપીની માલિકી, કબજા ભોગવટાવાળી કોઇ જગ્યામાંથી મળી આવે તો, તેનો ખુલાસો આરોપીએ કરવાનો રહે છે અને જો, આરોપી યોગ્ય ખુલાસો ના કરે તો, આરોપીએ જ મરનારનું ખૂન કરેલ છે તેમ સાબિત થાય. નામદાર સુપ્રીમ કોર્ટે પેરેગ્રાફ નં.૧૮ માં નીચે મુજબનો શબ્દ પ્રયોગ કરેલો છે.

"Having considered the above factors, we find that every circumstance noted by the trial Court goes to show that it was the appellant who got enraged by the conduct of the deceased in his attempt to develop close relationship with his daughter PW-2 which was not to his liking,inasmuch as he was not in good terms with PW-3, the mother of the deceased. The appellant was stated to have been aggrieved by the non-cooperation of PW-3 in his attempt to dissolve the marriage with his wife who is the daughter of the elder sister of the appellant as well as PW-3. Merely because Pws-3,4,6 and 7 are related to the deceased, there is no reason why they should implicate the appellant who is also closely related to them. If according to the appellant, he was not present when the murder of the deceased took place in his residence, as rightly pointed out by the trial Court, then it was for him to explain as to how the dead body was found in his house. Admitting the presence of the dead body of the deceased in the courtyard of the appellant's house, no step was taken by the appellant to explain the situation of the presence of the dead body in his house. The theory of the hostile witnesses PWs-1 and 2 that they went for shopping along with the appellant was rightly rejected by the trial Court in the absence of any other supporting material both oral as well as documentary. The evidence of the doctor (PW-13) and Exhibit P-8 disclose that the deceased was mercilessly wounded with the knife (M.O.-10) which resulted in his instantaneous death due to shock and hemorrhage. The overall consideration of the evidence available on record only substantiate the guilt of the accused-appellant in the killing of the deceased and consequently the conclusion reached by the trial Court and upheld by the High Court does not call for any interference. The appeal, therefore, fails and the same is

dismissed."

**(૨૯)** નામદાર સુપ્રીમ કોર્ટે **હરેશ મોહનદાસ રાજપુત વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ક્રિમિનલ અપીલ નં.૨૦૩૦/૨૦૦૯ ચુકાદા તા.૨૦/૯/૨૦૧૧ (૨૦૧૧ (૧૨) એસસીસી પ૬)** ઉપરના ચુકાદામાં પણ ઠરાવેલ છે કે, જ્યારે, ભોગ બનનારની લાશ મરનારના જ મકાનમાંથી મળી આવેલ છે અને આરોપી આ બાબતમાં કોઇ ખુલાસો કરતા નથી ત્યારે, આરોપી તકસીરવાન ઠરવાને પાત્ર છે. નામદાર સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં નીચે મુજબનો શબ્દ પ્રયોગ કરેલો છે.

> "Dead body of the deceased was found inside the house of the appellant-accused with blood stains under the cot. There were blood stains on the bed-sheet and on the floor underneath the cot. The appellant could not offer any explanation whatsoever as to how the dead body of the victim girl could reach his house. More so, nothing on record to controvert the evidence of the doctor who conducted the postmortem and opined that there had been sexual assault on the victim and she died of strangulation and there had been ligature marks on her neck. The alibi taken by the appellant that he had gone to a liquor shop for drinks leaving his house remained unsubstantiated and was found to be false. In such a fact situation, conviction of appellant affirmed."

**(૩૦)** વધુમાં હાલના કેસમાં રેકર્ડ પર એવો પુરાવો આવેલ હતો કે, મરનારની લાશ ઘરમાં મળી આવી ત્યાર પહેલાં આરોપી ઘર છોડીને ભાગી ગયેલા હતા. આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટે **જગજીત સિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ક્રિમિનલ અપીલ નં.૭૮૧/૧૯૮૧ ચુકાદા તા.૦૮/૧૦/૧૯૯૩ (૧૯૯૪ ક્રિમીનલ લો જર્નલ પાના નં.૨૩૩)** ઉપરના ચુકાદાના પેરેગ્રાફ નં.૬ તથા ૭ માં પણ ઠરાવેલ છે કે, જ્યારે, મરનારની લાશ આરોપીના મકાનમાંથી મળી આવે અને ત્યારબાદ આરોપી ગુનાવાળી જગ્યા છોડીને ભાગી જાય તો, તે આરોપી વિરુધ્ધનો એક મજબૂત પુરાવો છે અને આરોપીને સજા કરવી જોઇએ. નામદાર સુપ્રીમ કોર્ટે પેરેગ્રાફ નં.પ માં નીચે મુજબનો શબ્દ પ્રયોગ કરેલો છે.

> "It may not be necessary to discuss evidence of Pws 2 to 5, the neighbours or even the evidence of other witnesses. The presence of deceased and the appellant in the quarter of the appellant where the dead body was found is not in dispute. If these circumstances are accepted then they

sufficiently incriminate the appellant and in the absence of any explanation by the appellant they are sufficient to establish his guilt."

**(૩૧)** આમ, નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ટાંકેલા શ્રેણીબધ્ધ ચુકાદાઓ જોઈએ તો, હાલના આરોપી જ્યારે કોઈ ખુલાસો કરતા નથી કે તેઓના મકાનમાં પોતાની મરનાર પત્નીની લાશ શું કામ મળી આવી, ત્યારે, તેઓને આ કામે તકસીરવાન ઠરાવવા જ જોઈએ તેવા તારણ ઉપર આ અદાલત આવે છે.

**(૩૨)** આ કામે બચાવપક્ષે એવી રજૂઆત કરેલ નથી કે, બનાવના દિવસે, સ્થળે આરોપી હાજર જ ન હતા અને તેઓને ખોટી રીતે આ ગુનાના કામે ફસાવી દેવામાં આવેલ છે. આરોપી અને મરનાર ધુળકીબેનની હાજરી સિવાય અન્ય કોઈ ત્રાહિત ઈસમ બનાવના સ્થળે હાજર હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી, ત્યારે તેમજ તેનાથી વિરુધ્ધનો એટલે કે, આરોપી બનાવના દિવસે, બનાવના સમયે તેમના ઘર સિવાય અન્ય કઈ જગ્યાએ હાજર હતા, કે ગયેલા હતા તેવો લેશમાત્ર પુરાવો આ કામે બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી બનાવ સમયે આરોપીની બનાવ સ્થળેની હાજરી સ્પષ્ટપણે મુકરર થયેલ છે, તેમની હાજરી અંગે કોઈ શંકા કરવા જેવું જણાતું નથી. જેથી આરોપીને વિના કારણે સગા દીકરાઓ અને દીકરીને ખૂનના ગુનામાં સંડોવી દીધેલ હોય તેવું લેશમાત્ર જણાતું નથી.

**(૩૩)** આ કેસના પુરાવાની બીજી રીતે મુલવણી કરીએ તો, બનાવ તા.૦૪/૦૭/૨૦૨૫ ના સવારના ૯.૦૦ વાગ્યાથી ૧૦.૩૦ વાગે બનાવની જાણ થયા બાદથી આરોપી પોતાનું ઘર છોડીને ભાગી ગયેલ હતા અને બીજા દિવસે તા.૦૫/૦૭/૨૦૨૫ ના સવારના ૧૦.૧૫ વાગે રંગપુર પોલીસ સ્ટેશનમાં અટક કરવામાં આવેલ. એટલે કે, ચોવીસ કલાક ઉપરાંતના લાંબા સમયગાળા સુધી આરોપી નાસતા ભાગતા ફરતા હતાં. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ મહત્વની બની રહે છે તે મુજબ જોઈએ તો, આરોપીનું ગુનો કર્યા પહેલાનું વર્તન અને ગુનો કર્યા પછીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬ ની જોગવાઈ જોઈએ તો, તેમાં એમ જણાવેલ છે કે, વાદગ્રસ્ત હકીકત સંબંધમાં કોર્ટ કાર્યવાહીના પક્ષકારનું વર્તન પ્રસ્તુત છે. આમ, ગુનો કર્યા પહેલાનું આરોપીનું વર્તન એટલે કે, આરોપીનું બનાવ સ્થળેથી ભાગી જવું અને ચોવીસ કલાક ઉપરાંતના સમય બાદ પોલીસ દ્વારા પકડાવું વગેરે વર્તન પ્રસ્તુત છે વળી, આરોપીની પત્નીનું જ ખૂન થયેલું છે અને તેની લાશ તેના જ ઘરમાંથી મળી આવેલ છે છતાં, આરોપી પોલીસને જાણ કરતા નથી. પરંતુ, ભાગી જાય છે તે વર્તન પ્રસ્તુત છે. આરોપી ઉપર ખૂનનો ગુનો કર્યાનો આરોપ છે. કહેવાતો ગુનો

બન્યા પછી તેઓ ફરાર થઇ ગયા તે હકીકત હાલના કેસમાં પ્રસ્તુત છે. ઉપર નોંધ્યા મુજબ, બનાવ પહેલાનું અને બનાવ પછીનું આરોપીનું વર્તન જોઇએ તો, તપાસ અર્થે પોલીસ રૂબરૂ હાજર રહેલ નથી. તે સંજોગ આરોપી વિરુધ્ધનો સબળ પુરાવો ગણી શકાય તથા પોતાના જ ઘરમાંથી પોતાની જ પત્નીની લાશ મળે છે છતાં, કોઈને કાંઇ કહેતા નથી કે પોલીસને જાણ કરતા નથી અને ભાગી જાય છે અને તે વર્તન આરોપી વિરુધ્ધનો સબળ પુરાવો ગણી શકાય. વળી, જો આરોપી આ ગુનામાં સંડોવાયેલા જ ના હોય તો પછી પોતાની જ પત્નીની અંતિમ ક્રિયામાં તેઓએ કેમ હાજરી ના આપી અને તેઓ શું કામ ઘર છોડી ભાગી ગયા તે પ્રશ્નનો જવાબ તેઓ આપી શકતા નથી. તેથી, હાલના આરોપી આ ગુનાના કામે તકસીરવાન ઠરવાને પાત્ર છે. આરોપી નાસતા ભાગતા હતાં તેથી, તે તેના વિરુધ્ધનો પુરાવો ગણાય. આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટે **સાહિબ હુશેન વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અપીલ નં.૨૦૮૩/૨૦૦૮ ચુકાદા તા.૧૮/૪/૨૦૧૩ (૨૦૧૩ (૯) એસસીસી ૭૭૮)** ઉપરના ચુકાદામાં પેરેગ્રાફ નં.૧૨ માં ઠરાવેલ છે કે, જો આરોપી ગુનો કર્યા પછી સ્થળ ઉપરથી ભાગી જાય તો પછી આરોપી નિર્દોષ છે તેવા મતલબનું અનુમાન કરી શકાય નહીં. આમ, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬ ના સંદર્ભમાં તથા નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત સિધ્ધાંતના સંદર્ભમાં આ કેસની મુલવણી કરીએ તો, હાલના આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે પૂરતો પુરાવો આપણને મળી રહે છે.

**(૩૪)** વધુમાં એફ.એસ.એલ. વાનના પ્રાથમિક અહેવાલ આંક-૩૧ માં આરોપીના ઘરમાં ૫-ફૂટના ઘેરાવામાં છૂટું છવાયું લોહી જોવા મળેલ હતું. બાજુમાં પડેલ કુહાડીની મુદર તથા હાથા ઉપર લોહીની હાજરી જોવા મળેલી. જે બનાવની જગ્યાએથી પોલીસે બનાવની જગ્યાનું પંચનામું કરી બનાવની જગ્યાએથી લોહીવાળી માટી મુદ્દામાલ આર્ટિકલ માર્ક-એ થી, ગુનામાં વાપરેલ હથિયાર કુહાડી મુદ્દામાલ આર્ટિકલ માર્ક-સી, મરનારના કપડાં મુદ્દામાલ આર્ટિકલ માર્ક-ડી, ઇ અને એફ (લોહીવાળી માટી, કુહાડી, બ્લાઉઝ, ચણિયો, ઓઢણી) પંચો રૂબરૂ કબજે લીધેલ જે ઓળખી બતાવેલ હતું. તેનું એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ હતું. જેનો એફ.એસ.એલ. અહેવાલ આંક-૩૭ થી રજૂ થયેલ છે. આ એફ.એસ.એલ. અહેવાલમાં મરનારના બ્લડ સેમ્પલ મુદ્દામાલ આર્ટિકલ માર્ક-જી તરીકે બ્લડ સેમ્પલ લેવામાં આવેલ હતું પરંતુ તે ડિસઇન્ટિગ્રેટેડ એટલે કે, પરીક્ષણ યોગ્ય ન હોવાથી થઈ શકેલ નથી. પરંતુ મરનારનાં કપડાં, ગુનો કરવા માટે ઉપયોગમાં લીધેલ કુહાડી તથા બનાવની જગ્યાની લોહીવાળી માટી વગેરે નમૂનાઓમાં એક જ માનવ લોહીનું જૂથ "એ" મળી આવેલ હતું. લોહીવાળી માટી તથા કુહાડી, બ્લાઉઝ, ચણિયો, ઓઢણી ઉપર લોહી જોવા મળેલ

હતું, જે મુદ્દામાલ ચીજવસ્તુઓ બદલાઇ જતી નથી. પંચોએ તેમની હાજરીમાં સીલ કરી કબજે લીધેલ તે વાતને સમર્થન કરીને અદાલત રૂબરૂ પણ ઓળખી બતાવેલ છે તેના ઉપરથી જે લોહી મળી આવેલ છે તે મરનાર ધુળકીબેનના લોહીનું ગ્રૂપ-"એ" હોવાનો ઇનકાર થઈ શકે તેમ નથી. તે રીતે બનાવની જગ્યાનું પંચનામું આરોપીને સાથે રાખીને કરેલ હતું અને આરોપીની હાજરીમાં કુહાડી આરોપીના જ ઘરમાંથી કબજે લીધેલ હતી, તેના ઉપરથી પણ મરનારના બ્લડ ગ્રૂપ-"એ" ની હાજરી મળી આવેલી છે. બનાવને તુરંત જ મરનારના દીકરાએ પણ કુહાડીની મુદર તથા હાથા ઉપર લોહી જોયેલ હતું. કુહાડીને ખોટી રીતે હથિયાર તરીકે રજૂ કરી દેવામાં આવેલ હોય તેવો વિરુદ્ધનો કોઇ પુરાવો રજૂ થતો નથી. જેથી સાહેદોના પુરાવા તથા ત.ક. અમલદારે કરેલી તપાસની કાર્યવાહીને પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ સ્વતંત્ર પંચનામાના પંચોના પુરાવાથી સમર્થન મળેલ છે. રિકન્સ્ટ્રક્શનના પંચનામાની કાર્યવાહી સિવાયના તમામ પંચનામાની કાર્યવાહીને પંચોએ સમર્થન કરેલું છે. રિકન્સ્ટ્રક્શન પંચનામાને બાદ કરતાં તમામ પંચનામાઓ પુરવાર થયેલા છે. કબજે લીધેલ મુદ્દામાલનું એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ હતું તેના રજૂ થયેલા આંક-૩૭ વાળા એફ.એસ.એલ. અહેવાલથી પણ ટેકો મળે છે. આમ, સાહેદોના પુરાવાના સમર્થનમાં મજબૂત રીતે અન્ય સાંયોગિક પુરાવાઓથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે, જેથી પણ ફરિયાદપક્ષના કેસ અને તેના સંદર્ભમાં રજૂ થયેલા પુરાવાઓને નજરઅંદાજ કરીને ફરિયાદપક્ષના કેસને ફેંકી દઈ શકાય તેમ નથી. જો કે, આરોપીના કપડાં કબજે લીધેલ હતા તેના ઉપરથી કોઇ આરોપીના બ્લડ ગ્રૂપ-"ઓ" સિવાય મરનારના બ્લડ ગ્રૂપ-"એ" ની કોઇ હાજરી મળી આવેલ નથી પરંતુ બનાવની વિગતો ધ્યાને લેતાં આરોપીના કપડાં ઉપર મરનારનું લોહી મળવું જ જોઇએ તેવો આ ખૂનના બનાવનો કિસ્સો નથી. જેથી તેટલા માત્ર કારણસર આરોપીપક્ષની રજૂઆત મુજબ આરોપીને શંકાનો લાભ આપી શકાય નહીં.

**(૩૫)** આરોપીપક્ષે દલીલ કે ફરિયાદ લખી લેનાર પોલીસ અમલદાર તે ગુનાની તપાસ કરે તેથી તપાસ દૂષિત થાય છે તે બાબતે નોંધવાનું કે, નામદાર **સુપ્રીમ કોર્ટે સ્ટેટ વિરુદ્ધ જયા પાઉલ અપીલ નં.૩૫૯/૨૦૦૪ ચુકાદા તા.૨૨/૩/૨૦૦૪ (૨૦૦૪ (૫) એસસીસી ૨૨૩)** ઉપરના પોતાના ચુકાદામાં વિસ્તૃત માર્ગદર્શક ચુકાદો આપીને એમ ઠરાવેલ છે કે, ફરિયાદી જાતે પોતે પણ તપાસ કરનાર અમલદાર હોઈ શકે છે, અને જો ફરિયાદી પોતે જ તપાસ કરનાર અમલદાર હોય તો પણ તપાસ દૂષિત થતી નથી. આમ, આવા સંજોગોમાં જો ફરિયાદી પોતે તપાસ કરનાર અમલદાર હોઇ શકે તેમ હોય તો પછી માત્ર ફરિયાદીની ફરિયાદ નિવેદનના સ્વરૂપમાં લખી લેનાર પોલીસ અમલદાર તે કામે

ગુનાની તપાસ કરે તેથી તપાસ દૂષિત થતી નથી.

**(૩૬)** આ કામે આરોપી પક્ષની દલીલ છે કે, આ કામના મરણજનાર ધુળકીબેન તથા આરોપી સારી રીતે રહેતા હતા. તેઓ વચ્ચે આ બનાવ અગાઉ કોઈ ઝગડો તકરાર હતી નહીં, તેથી આરોપી વિરુધ્ધ મોટિવ સાબિત થતો નથી પરંતુ ખુદ આરોપીના દીકરાએ જ ખૂનના બનાવના તુરંત પહેલા ઝગડો થયાનો પુરાવો જણાવે છે. જેથી મોટિવ પુરવાર થાય છે.

**(૩૭)** આરોપી પક્ષે એવી દલીલ કરી હતી કે, રિકન્સ્ટ્રક્શન પંચનામાના પંચ સાહેદ નંબર-૬ નાએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી પરંતુ પંચ સાહેદ નંબર-૬ ના પુરાવામાંથી આરોપીને સાથે રાખીને પંચનામાની કાર્યવાહી કરેલ હતી અને રિકન્સ્ટ્રક્શનની કાર્યવાહી બાબતે ત.ક. અમલદારના પુરાવાથી સમર્થન મળે છે. જો કે, હાલનો કેસ જોઈએ તો, રિકન્સ્ટ્રક્શન કર્યા વિના સાંયોગિક પુરાવો એકત્રિત થઇ શકે તેમ ન હતો તેમ જણાતું નથી. જેથી આરોપીએ કરેલા ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરી બતાવે તો જ રજૂ પુરાવાનો સ્વીકાર કરી શકાય તેવો આ કિસ્સો જણાતો નથી જેથી આરોપી પક્ષની ઉપરોક્ત રજૂઆત ટકી શકે તેવી નથી.

**(૩૮)** હાલના કામે જ્યારે એકધારો અને એકબીજાના સમર્થનમાં જોઇ શકાય તેવો એકજસૂત્રતા વાળો પુરાવો કે જેની ઉપર ચર્ચા કરી છે તે મુજબ આરોપી અને મરનાર વચ્ચે ખૂન થયું તે બનાવના તુરંતના જ સમય એટલે કે, એકાદ કલાકના સમય પહેલાં મરનાર ધુળકીબેન તથા પતિ/આરોપી બંને એક સાથે જ હતા. બાદમાં મરનાર ધુળકીબેનની લાશ ઘરમાંથી મળી આવી તે પહેલાંથી એટલે કે, તેમનો દીકરો ફરિયાદી સાહેદ નંબર-૨ મોટરસાયકલ લઈને રંગપુર ગયા બાદ પરત ઘરે આવ્યો તે વખતે આરોપી ભાગી ગયેલ હતા. બાદમાં સીધા જ પોલીસ સ્ટેશનમાં ૨૪-કલાક બાદ હાજર થઈ જાય છે. પોતાના પત્નીનું ખૂન થયું તેની પોતાના દીકરાઓ કે દીકરીને જાણ કરવા માટે ઘરે રહેલા નથી. પોતાની પત્નીને બીજી અન્ય કોઇ રીતે ઈજાઓ થઈ હોય તો તેના સંતાનોને તે અવશ્ય જાણ કરે, તેવું બનેલ નથી. બીજું, પોલીસ કે આડોશી-પાડોશીઓને પણ બનાવની જાણ કરે પરંતુ તેવું પણ આરોપીનું કોઈ વર્તન બહાર આવેલું નથી. એટલું જ નહીં, ખુદ આરોપીના જ મોટા દીકરા ફરિયાદી સાહેદ નંબર-૨ વિનોદભાઇને આરોપીએ મરનાર ધુળકીબેન એટલે કે, પત્ની સાથે ખેતરે કામ કરવા મોકલતાં આરોપીએ કામ કરવા જવાની ના પાડેલી તેના લીધે ઝગડો થયેલો હતો અને તે ઝગડાના લીધે ઝગડાના બનાવ બાદ તમામ સંતાનો ઘરેથી ચાલ્યા ગયા બાદ મરનારની એકલતાનો ગેરલાભ ઉઠાવીને તેમના પિતા/આરોપીએ જ તેમની માતા મરનાર ધુળકીબેનનું કુહાડી મારીને બેરહેમીપૂર્વક ખૂન કરેલ હતું તેવી શંકા ગયેલ હતી તે શંકા ઉપરોક્ત તમામ પુરાવાઓની ચર્ચા ધ્યાને લેતાં પુરવાર

થાય છે. તમામ પુરાવાઓમાંથી આરોપી સિવાય બીજા કોઇએ મરનાર ધુળકીબેનનું ખૂન કરેલ નથી અને એકમાત્ર આરોપીએ કુહાડીની મુદરના ઘા મરનારના માથા તથા મોઢાના ભાગે મારીને કરી નાખેલ હતું. તેવું આરોપીની વિરુધ્ધમાં નિઃશંકપણે પુરવાર થાય છે. તેનું ખંડન થઇ શકે એટલે કે, બનાવના દિવસે સવારના ૯-એક વાગ્યા બાદ ૧૦-એક વાગ્યાના વચ્ચેના સમયગાળા દરમિયાન આરોપી સિવાય બીજા કોઇ ઘરે આવ્યા હોય કે આરોપી આ સમયગાળા દરમિયાન તેમનું ઘર છોડીને બીજી અન્ય કોઇ જગ્યાએ હાજર હોય કે બીજા કોઇએ મરનારને ઈજાઓ પહોંચાડેલ હતી કે બીજી રીતે મરનારને ઇજાઓ થઇ હતી તેવી ફરિયાદપક્ષના કેસથી વિરુધ્ધની લેશમાત્ર હકીકતો રેકર્ડ પર આવતી નથી કે બચાવપક્ષ તેમના બચાવમાં તેવી હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. ફરિયાદીનો એકધારો નિઃશંકપણેનો પુરાવો રજૂ થાય છે, તેમના પુરાવાને અન્ય સાહેદોનું પણ સમર્થન મળે છે. તેમાં આરોપી સિવાય બીજા કોઇ ઉપર કોઈપણ જાતની શંકાઓ ઊભી કરી શકાય તેવા બચાવની કોઈ હકીકત આરોપીપક્ષ પુરાવા દરમિયાન રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલા છે. ત્યારે સાહેદોએ તેમના પુરાવામાં બનાવ બનવા પાછળનું કારણ કે મોટિવ બાબતે જે પુરાવો રજૂ કરે છે તેમાં કોઇ શંકા કરી શકાય કે તેવા પુરાવાની અવગણના કરીને નજરઅંદાજ કરી શકાય તેવી બીજી વિરુધ્ધની કોઇ હકીકતો રેકર્ડ પર આવતી નથી. આરોપીએ જ ખૂન કરેલ હતું તેવી શંકા સાહેદોના પુરાવામાંથી પુરવાર થાય છે. તેવું આ અદાલતનું સ્પષ્ટ માનવું છે. મોટિવના મુદ્દા બાબતે સાહેદ નંબર-૭ અને ૮ નાએ કોઈ પુરાવો જણાવેલ નથી. તેમ છતાં ફરિયાદીનો જે પુરાવો રજૂ થાય છે તેને ઘાતક બને કે મોટો વિરોધાભાસ ઊભો થાય તેવો મોટો વિરોધાભાસ કે વિરુધ્ધની બીજી નવીનીકરણ વાળી હકીકતો રેકર્ડ પર આવતી નથી. જેથી આ અદાલતના મત મુજબ સાહેદ નંબર-૭ અને ૮ દીકરો અને દીકરી થતી હોય જેથી આ બાબતે માત્ર મૌન રહેલા છે. તેટલા માત્રથી ફરિયાદીના પુરાવાને નકારીને નજરઅંદાજ કરી શકાય નહીં. હાલના ખૂનના ગુનાને કનેક્ટેડ જ પુરાવો રજૂ થાય છે તેથી તેવા પુરાવાને નહીં માનવા માટેનું કોઇ કારણ જણાતું નથી. જેથી આરોપીને કોઈપણ ભોગે સજા થાય તેવા ઈરાદે વધારી-ચડાવીને પુરાવો જણાવવાનો પ્રયત્ન કરેલો છે તેવું હાલના આ ખૂનના બનાવના કિસ્સામાં સાહેદોની હકીકતો ધ્યાને લેતાં લેશમાત્ર કહી શકાય નહીં. મોટિવના પુરાવામાં એકસૂત્રતા જળવાઈ રહેલી છે. જેથી ફરિયાદપક્ષની મોટિવ પુરવાર થતો હોવાની દલીલ માનવાપાત્ર જણાય છે. આરોપી પર શંકાઓ ગયેલ હતી. તેનું સમાધાન થઈ શકે તેવો શંકારહિત અને વિશ્વસનીય કડીબધ્ધ પુરાવો આરોપી વિરુધ્ધ રજૂ કરવામાં ફરિયાદપક્ષ સફળ જાય છે.

**(૩૯)** જે હથિયાર કુહાડી વડે મરનારને ઘા મારેલાનો કેસ લઈ આવેલ તે બાબતે આરોપીના ઘરમાંથી

કુહાડી કબજે લેવામાં આવેલ હતી. અગાઉ મેડિકલ પુરાવાની ચર્ચા કરી છે તે મુજબ ગુનો કરવા માટે ઉપયોગમાં લીધેલ હથિયાર કુહાડી વડે ઈજાઓ થયેલ ન હતી તેવી બીજી કોઇ હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૪૦)** સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવામાંથી તમામ પંચનામાની કાર્યવાહી પોલીસ તપાસના કામે હાથ ધરવામાં આવેલ હતી તે તમામ પંચનામાની કાર્યવાહીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે.

**(૪૧)** આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં મુદ્દા નંબર-૧ ની હકીકતો પુરવાર થાય છે, જેથી તેનો જવાબ "હકાર" માં આપવામાં આવેલો છે. મુદ્દા નંબર-૧ નો મેડિકલ એવિડન્સ જોતાં, મરનારના શરીરના નાજુક અંગ માથામાં ડાબી બાજુ આંખની નીચેના ભાગે ૬.૫ x ૨.૫ x ૦.૫ સે.મી. કપાઇ ગયેલ લોહી વહી ગયેલ ઈજા જોવા મળેલ હતી. ડાબી બાજુના મોઢાના ખૂણાના ભાગમાં ૨ x ૧ x ૦.૫ સે.મી. નો ચીરો પડેલ તથા લોહી વહી ગયેલી ઈજા જોવા મળેલ હતી. મોઢાના અંદરના ભાગમાં નીચેના મોલર દાંત અને બીજા ત્રણ દાંત પડી ગયેલ જોવા મળેલા, માથાના ડાબા ભાગમાં ચકામા જોવા મળેલા. જો કે, ફ્રેક્ચર જોવા મળેલ ન હતું. પરંતુ ઉપરોક્ત ઈજાઓના કારણે મરનારના માથાના અંદરના ડાબી બાજુએ લોહી ભરાઇ ગયેલ હતું. આનો મતલબ એ કરી શકાય કે આરોપીએ કુહાડીનો એક ઘા કરીને અટકી ગયેલા નથી પરંતુ મરનારનું મોત નીપજાવવાના ઈરાદા સાથે આવી ઈજાઓ કરવાથી જ મરનારનું મોત થશે તેવું ચોક્કસ જ્ઞાન ધરાવતા હતા તેના કારણે જ મરનારને કુહાડી વડે એક જ ઘા કરીને અટકી ગયેલા નથી પરંતુ મરનારના માથામાં પાછળના ભાગે તથા મોઢાના ભાગે ઉપરાછાપરી કુહાડીના ઘાતકી ઘા કરેલા હતા, જેમાં આરોપીનો ખૂન કરવાનો ઈરાદો અને જ્ઞાનના તત્વો પણ પુરવાર થાય છે. મરનારને સારવાર લેવાનો પણ કોઈ ચાન્સ મળેલો નથી. તે જોતાં આરોપીએ કરેલી આ ઈજાઓ જોતાં મરનારનું મૃત્યુ નીપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી તેમજ આરોપીના એવા કૃત્યથી મરનારનું મૃત્યુ નીપજવાનો સંભવ છે તેવી જાણકારી સાથે કરેલ હોવાનું પણ પુરવાર થાય છે. તે જોતાં આરોપીએ બેરહેમીથી મરનારને કુહાડીના ઘા અતિ નાજુક એવા અંગ માથાના ભાગે મારેલ છે. જે જોઇએ તો પણ મારી નાખવાના ઈરાદે જ મારેલા હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

**(૪૨)** રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓની ચર્ચા ધ્યાને લેતાં આ કિસ્સો બી.એન.એસ.ની કલમ-૧૦૧ ના કોઈ અપવાદમાં પડતો નથી.

**(૪૩)** આમ, રેકર્ડ ઉપર રજૂ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી તમામ પુરાવાઓના મૂલ્યાંકન અંતે

હાલના આરોપીએ જ આંક-૦૭ વાળા તહોમત અને તેના સંદર્ભમાં ઉપસ્થિત મુદ્દા નંબર-૨ માં દર્શાવેલ આક્ષેપો મુજબ મરનાર ધુળકીબેન અને આરોપી વચ્ચે પતિ-પત્નીનો સંબંધ થતો હોય, બનાવ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ સવારના મરનારે આરોપીને ખેતરમાં કામ કરવા જવાનું કહેતાં મરનાર પત્નીની વાત આરોપીને પસંદ ન પડતાં તેમના સંતાનો વિનોદભાઈ/ફરિયાદી, બીજા દીકરા દિનેશભાઈ તેમજ દીકરી રમીલાની હાજરીમાં મરનાર સાથે ઝગડો કરેલો. બાદમાં ત્રણેય ઘરેથી પોતાના કામે જતા રહેલા દરમિયાન મરનાર ધુળકીબેન તથા આરોપી પ્રતાપભાઈ બે જ પતિ-પત્ની ઘરે રહેલા દરમિયાન કલાક-૦૯ થી ૧૦-૦૦ વાગ્યા વચ્ચેના સમયે આરોપીએ પોતાના જ પત્નીને પોતાના જ ઘરમાં કુહાડી વડે માથાના પાછળના ભાગે તથા ચહેરાના ભાગે ઉપરાછાપરી ઘા મારીને મરણતોલ જીવલેણ ઈજાઓ પહોંચાડી ખૂન કરી નાખેલ છે. આ ગુનો બનતી વખતે માત્ર આરોપી અને મરનાર બે જ હાજર હતા. આરોપી સિવાય બીજા કોઈએ મરનારના ઘરે જઈને મરનારને મારેલું હોય કે મરનારને બીજી અન્ય કોઈ રીતે ઈજા થઈ હોય તેવી શંકાસ્પદ કોઈ હકીકતો કે પુરાવો રેકર્ડ પર આવતો નથી. એક માત્ર આરોપીએ મરનારનું બેરહેમીથી કુહાડીના ઘા અતિ નાજુક એવા અંગ માથાના ભાગે મારેલ છે. તે બાબતે ફરિયાદપક્ષના કેસ મુજબ ફળદાયી રીતે સાંયોગિક પુરાવાઓની કડીઓ સહિતનો કડીબધ્ધ વિશ્વસનીય રીતે પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. ફરિયાદપક્ષના પુરાવાઓમાં કોઈ શંકાઓ ઊભી થતી નથી. આમ, આરોપીએ મરનારનું ખૂન કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ હોય, હું મુદ્દા નંબર-૨ નો જવાબ "હકાર" માં આપું છું.

**(૪૪)** આમ, ફરિયાદપક્ષે મૂકવામાં આવેલા આંક-૭ તહોમતના સંદર્ભે મુદ્દા નંબર-૧ અને ૨ માં કરવામાં આવેલા આક્ષેપો કે જેમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો આરોપીએ ગુનો આચરેલ હોવાના આક્ષેપો શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ હોય, મુદ્દા નંબર-૧ અને ૨ નો જવાબ "હકાર" માં આપવામાં આવેલ છે. આરોપીએ તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) મુજબનો ગુનો એટલે કે, આરોપીએ જ મરનાર ધુળકીબેનનું ખૂન કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ હોય, તે ગુના માટે આરોપીને ફરમાવવાની થતી સજા બાબતે સાંભળવાના થતા હોય, મુદ્દા નંબર-૩ સંબંધી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આરોપી પ્રતાપભાઇ રૂપસિંગભાઈ રાઠવા, રહેઃકનાસ, નીંગવાડીયા ફળિયા, તાલુકો અને જિલ્લો-છોટાઉદેપુર વાળાને તેમની સામેના પુરવાર થયેલા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧)

મુજબના શિક્ષાને પાત્ર ગુના માટે બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮ મુજબ દોષિત ઠરાવવામાં આવે છે. સજા સંબંધે પક્ષકારોને સાંભળવા ઉપર કામ મુલતવી રાખેલ છે.

આજ રોજ તારીખઃ૦૧-લી માહેઃ સપ્ટેમ્બર, સને-૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(સુનીલ એમ. ટાંક)**

તારીખઃ૦૧.૦૯.૨૦૨૬ મુખ્ય સેશન્સ જજ, છોટાઉદેપુર.

સ્થળઃ છોટાઉદેપુર જીજે-૦૦૫૮૬

**સજા સબબ સાંભળ્યાઃ**

**(૪૫)** આ કામમાં સજા અંગે આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી આઇ.એ. શેખને સાંભળવામાં આવ્યા. તેમની રજૂઆત એવી છે કે આરોપી પરિવારની જવાબદારી ધરાવે છે. ગરીબ પરિવારના છે. તેનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. આ તેનો પ્રથમ ગુનો છે. ચાર સંતાનોના પિતા છે, ચારેય સંતાનો અપરિણીત છે. જો આરોપીને વધુ લાંબા સમય સુધી જેલમાં રહેવું પડે તો તેના કુટુંબને અસહ્ય મુશ્કેલીનો સામનો કરવો પડશે અને કુટુંબ રઝળી જવાની શક્યતા રહેશે. તેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવાની રજૂઆત કરવામાં આવી છે.

**(૪૬)** સરકાર તરફે વિદ્વાન ડી.જી.પી. શ્રીએ રજૂઆત કરી છે કે આ કામમાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આરોપીનું ગુનાહિત કૃત્ય જોતા, આરોપીએ પોતાની પત્ની ખેતરે કામ જવાનું કહેલું તેટલા માત્ર કારણસર મરનાર પત્ની સાથે ઝગડો કરેલો અને કુહાડી જેવા ઘાતક હથિયાર વડે માથામાં ઘા કરીને ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે જ તેની હત્યા કરી છે. આ અત્યંત ગંભીર પ્રકારનો ગુનો હોવાથી આરોપીને મહત્તમ સજા કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

**(૪૭)** બંને પક્ષના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા. આ કામમાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળનો ગુનો સાબિત થયેલ છે, જે અત્યંત ગંભીર પ્રકારનો ગુનો છે. રેકર્ડ પર આવેલી હકીકતો ધ્યાને લેતાં આરોપી ચાર સંતાનોના પિતા છે તથા પોતાના કુટુંબનો એકમાત્ર કમાઉ સભ્ય છે તેવી રજૂઆત કરવામાં આવી છે. આરોપીના ચાર સંતાનોના હજુ લગ્ન થયેલા નથી તેવી રજૂઆત થઇ છે. પરંતુ આરોપીએ પત્નીની હયાતીમાં સંતાનોનો કોઈપણ જાતનો વિચાર કર્યા વિના કારણે બેરહેમીથી પોતાના પત્નીને કુહાડીના ઘા માથામાં મારીને ખૂન કરી નાખેલ છે. આરોપીના કૃત્યથી ચાર સંતાનોને તેમની માતાની મમતાથી વંચિત રાખીને બેહાલ કરી નાખેલ છે. સમાજમાં આવા પ્રકારના ગંભીર ગુનાઓ વધતા હોય ત્યારે બહુજન સમાજના હિતને પણ ધ્યાનમાં રાખવું જરૂરી બને છે. આવા ગુનેગારો પ્રત્યે હળવાશનો અભિગમ રાખી શકાય તેમ નથી. તેથી આરોપીનું કૃત્ય અત્યંત ગંભીર પ્રકારનું હોવાનું આ અદાલત માને છે. તેમ છતાં, રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતો અને સમગ્ર સંજોગો ધ્યાનમાં લેતાં, આ કેસને "Rarest of Rare" પ્રકારનો કેસ ગણાવી મૃત્યુદંડ આપવાની જરૂરિયાત જણાતી નથી. તેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧) હેઠળ કાયદામાં

નિર્ધારિત સજા ફટકારવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. સબબ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::- આખરી હુકમ -::**

**(૧)** આરોપી **પ્રતાપભાઇ રૂપસિંગભાઈ રાઠવા,** રહેઃકનાસ, નીંગવાડીયા ફળિયા, તાલુકો અને જિલ્લો-છોટાઉદેપુર વાળાને તેમની સામેના ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૦૩(૧) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૫૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી, તેમને **આજીવન સખત કેદની સજા** તથા દંડ પેટે રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પૂરા) ભરવાની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જશે, તો તેને વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવી પડશે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૪૬૮ અન્વયે, આરોપીએ તપાસ, પૂછપરછ અથવા ટ્રાયલ દરમિયાન કાચા કામે ભોગવેલ કેદનો સમય સજામાં મજરે આપવામાં આવશે.

**(૩)** અપીલનો સમય પૂર્ણ થયા બાદ આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ, જેમ કે કુહાડી, સેમ્પલ્સ, કપડાં વગેરેનો કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આ ચુકાદાની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૦૬ મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરને મોકલી આપવામાં આવે.

**(૫)** આ કામે લાગતા-વળગતા તમામ સંબંધિત અધિકારીઓએ આ ચુકાદાનું પાલન કરવું.

**(૬)** આ ચુકાદાની પ્રમાણિત નકલ આરોપીને તાત્કાલિક વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે.

આજ રોજ તારીખઃ ૧-લી માહેઃ સપ્ટેમ્બર, સને-૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(સુનીલ એમ. ટાંક)**

તારીખઃ૦૧.૦૯.૨૦૨૬ મુખ્ય સેશન્સ જજ, છોટાઉદેપુર.

સ્થળઃ છોટાઉદેપુર જીજે-૦૦૫૮૬